RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 290* Date: 17.08.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નરેન્દ્ર મોદીએ સતત નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું.

# ભારત તૂટી જશે, વેર વિખેર થઈ જશે પરંતુ તમામ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ : વડાપ્રધાન

### આવનારા ૨૫ વર્ષોમાં ભારતને વિક્સિત બનાવવા માટે ૫ સંકલ્પનો ઉલ્લેખ કર્યો. નારી શક્તિને યાદ કરી. ભ્રષ્ટાચાર અને પરિવારવાદ પર આકરા પ્રહાર કર્યા.



નવીદિલ્હી,તા.૧૬

આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા અને ૭૬માં સ્વતંત્રતા દિવસના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું. આ દરમિયાન આવનારા ૨૫ વર્ષોમાં ભારતને વિક્સિત બનાવવા માટે ૫ સંકલ્પનો ઉલ્લેખ કર્યો. નારી શક્તિને યાદ કરી. ભ્રષ્ટાચાર અને પરિવારવાદ પર આકરા પ્રહાર કર્યા. નિર્ણાયક લડત છેડવાનું આહ્વાન કરતા કહ્યું કે જ્યાં સુધી ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારી પ્રત્યે નફરતનો ભાવ પેદા ન થાય કે સમાજિક રીતે તેને નીચે દેખાડવા માટે મજબૂર ન કરાય ત્યાં સુધી આ માનસિકતા ખતમ થવાની નથી. તેમણે તેને પોતાની બંધારણીય અને લોકતાંત્રિક જવાબદારી ગણાવતા આ જંગમાં દેશવાસીઓ પાસે સાથ પણ માંગ્યો. આ ઉપરાંત તેમણે પહેલીવાર સ્વદેશી તોપ દ્વારા અપાયેલી સલામી અંગે પણ વાત કરી. તેમનું ભાષણ ૮૩ મિનિટનું રહ્યું. જાણો મહત્વની વાતો..

પીએમ મોદીએ કહ્યું કે ગઈ કાલે ૧૪ ઓગસ્ટના રોજ ભારતે વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસને ભારે મને ઉજવ્યો. આઝાદીના સમયે તમામ આશંકાઓ જતાવવામાં આવી કે ભારત તૂટી જશે, વેર વિખેર થઈ જશે પરંતુ તમામ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ. આઝાદી બાદ આપણે શું નથી ઝેલ્યું. અકાળ ઝેલ્યો, યુદ્ધ ઝેલ્યું. સફળતા, નિષ્ફળતા, આશા નિરાશા ન જાણે કેટલાય પડાવ આવ્યા આમ છતાં ભારત આગળ વધતું રહ્યું. ભારતની વિવિધતા જે બીજાને બોજ લાગતી હતી તે જ તેની તાકાત છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત લોકતંત્રની જનની છે. ૨૦૧૪માં દેશવાસીઓએ મને જવાબદારી સોંપી. આઝાદી બાદ જન્મેલો હું પહેલો વ્યક્તિ હતો જેને લાલ કિલ્લાથી દેશવાસીઓનું ગૌરવગાન કરવાની તક મળી હતી. જેટલું તમારી પાસેથી શીખ્યો છું, તમને જાણ્યો છું, તમારા સુખ દુખ જાણી શક્યો છું તેને લઈને મે આખો કાળખંડ તે લોકો માટે ખપાવ્યો છે. પછી ભલે તે દલિત, શોષિત હોય, વંચિત હોય, મહિલાઓ હોય કે કોઈ પણ ખૂણો હોય...

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે મહાત્મા ગાંધીનું અંતિમ વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાનું સપનું હતું. મે મારી જાતને મહાત્મા ગાંધીના સપનાને પૂરું કરવા માટે સમર્પિત કરી. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશવાસીઓએ પણ ઉપલબ્ધિઓ મેળવી છે. પુરુષાર્થ કર્યો છે. હાર માની નથી અને સંકલ્પોને ઓઝલ થવા દીધા નથી. આપણે તાજેતરમાં જોયું છું કે આપણે એક વધુ નવી તાકાતનો અનુભવ કર્યો છે. ભારતમાં સામૂહિક ચેતનાનું પુર્નજાગરણ થયું છે. આઝાદીનો અમૃત હવે સંકલ્પમાં બદલાઈ રહ્યો છે. સિદ્ધિનો માર્ગ જોવા મળી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ. જેથી કરીને આગામી ૨૫ વર્ષ બાદ જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે ત્યારે ભારત માટે ૫ સંકલ્પ જરૂરી છે. ,૧. પહેલો સંકલ્પ- વિક્સિત ભારત. તેનાથી ઓછું આપણને મંજૂર નથી.,૨. બીજો સંકલ્પ- સો ટકા ગુલામીની સોચમાંથી આઝાદી. કોઈ પણ ખૂણામાં આપણા મનની અંદર ગુલામીનો અંશ બાકી રહેવો જોઈએ નહીં. સેંકડો વર્ષ સુધી ગુલામીએ આપણને જકડી રાખી હતી. સોચમાં વિકૃતિઓ પેદા કરી રાખી છે. આપણને ગુલામીની કોઈ નાની ચીજ પણ જો નજરે ચડે તો તેનાથી મુક્તિ મેળવવી પડશે. ૩. વારસા પર ગર્વ. પીએમ મોદીએ કહ્યું કે આપણને આપણા વારસા પર ગર્વ હોવો જોઈએ. આ વારસો છે, જેણે ભારતને સ્વર્ણિમ ઈતિહાસ આપ્યો.,૪. એકતા અને એકજૂથતા. તેમણે કહ્યું કે ૧૩૦ કરોડ દેશવાસીઓમાં એકજૂથતા હોવી જરૂરી છે. કોઈ પારકું નથી.૫. નાગરિકોના કર્તવ્ય. પાંચમા સંકલ્પ વિશે પીએમ મોદીએ જણાવ્યું કે તેમાંથી પીએમ કે સીએમ પણ બહાર હોતા નથી. તેઓ પણ દેશના નાગરિક હોય છે. જ્યારે સપના મોટા હોય છે ત્યારે સંકલ્પ મોટા હોય છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણે મોટો સંકલ્પ લીધો હતો આઝાદીનો. આપણે આઝાદ થઈ ગયા. આ એટલા માટે થયું કારણ કે સંકલ્પ ખુબ મોટો હતો. જો સંકલ્પ સીમિત હોત તો કદાચ આજે પણ સંઘર્ષ કરી રહ્યા હોત.

પીએમ મોદીએ કહ્યું કે માનવ કેન્દ્રીય વ્યવસ્થાને વિક્સિત કરીશું. આપણા કેન્દ્રમાં માનવ હશે. તેની આશાઓ હશે. ભારત જ્યારે મોટો સંકલ્પ કરે છે તે કરીને બતાવે છે. જ્યારે મે સ્વચ્છતાની વાત કરી, તો તેને દેશે કરી દેખાડ્યું. જ્યારે દુનિયા દુવિધામાં હતી ત્યારે ૨૦૦ કરોડ રસીકરણના લક્ષ્યાંકને હાંસલ કરી બતાવ્યો. તમામ રેકોર્ડ ધ્વસ્ત કર્યા. અઢી કરોડ લોકોના ઘરમાં નળથી જળ પહોંચાડવાનું કામ દેશ કરી રહ્યો છે. ખુલ્લામાં શૌચથી મુક્તિ શક્ય બની છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર પીએમ મોદીએ કહ્યું કે તેના માટે કરોડો લોકોની સલાહ લેવામાં આવી. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે આપણે આપણી ધરતી સાથે જોડાઈશું તો જ ઊંચે ઉડી શકીશું. ત્યારે જ વિશ્વને પણ સમાધાન આપી શકીશું. આપણે પ્રકૃતિને પ્રેમ કરવાનું જાણીએ છીએ. આપણી પાસે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના સમાધાનના રસ્તા છે. આપણા પૂર્વજોએ આપણને આપ્યા છે. જ્યારે દુનિયા હોલિસ્ટિક હેલ્થ કેરની વાત કરે છે ત્યારે દુનિયાની નજર ભારતના યોગ પર જાય છે. ભારતના આયુર્વેદ પર જાય છે. જ્યારે વ્યક્તિગત તણાવની વાત થાય છે ત્યારે વિશ્વને ભારતનો યોગ દેખાય છે. જ્યારે સામૂહિક તણાવની વાત થાય છે ત્યારે વિશ્વને ભારતની કૌટુંબિક વ્યવસ્થા દેખાય છે.

આપણે એ લોકો છીએ જે જીવમાં શિવ જોઈએ છીએ. નરમાં નારાયણ જોઈએ છીએ. જે નારીને નારાયણી કહે છે. ઝાડ પાનમાં પરમાત્મા જોઈએ છીએ. જે નદીને માતા માને છે, અમે એ છીએ જે દરેક કંકરમાં શંકર જુએ છે. અમે એ છીએ જેણે દુનિયાને વસુધૈવ કુટુંબકમનો મંત્ર આપ્યો. જે કહે છે કે સત્ય એક છે. અમે દુનિયાનું કલ્યાણ જોયું છે. અમે જન કલ્યાણથી જગ કલ્યાણ જોયું છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં દેશના બે મોટા પડકારો વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે દેશ સામે બે મોટા પડકાર છે. એક ભ્રષ્ટાચાર, અને બીજો ભાઈ-ભત્રીજાવાદ, પરિવારવાદ. આપણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ પૂરી તાકાતથી લડવાનું છે.

જ્યાં સુધી ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારી પ્રત્યે નફરતનો ભાવ પેદા નહી થાય, સામાજિક રીતે તેને નીચા દેખાડવા માટે મજબૂર નહી કરાય, ત્યાં સુધી આ માનસિકતા ખતમ થવાની નથી. ભ્રષ્ટાચાર દેશને ઉધઈની જેમ ખોખલો કરી રહ્યો છે. તેની સામે દેશે લડવું જ પડશે. અમારી કોશિશ છે કે જેમણે દેશને લૂંટ્યો છે, તેમણે પાછું આપવું પડે તેની અમે કોશિશ કરી રહ્યા છીએ. મારે ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાનું છે, મારે તેના વિરુદ્ધ લડતને તેજ કરવાની છે. મને ૧૩૦ કરોડ ભારતવાસીઓનો સાથ જોઈએ છે, જેથી કરીને હું ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડી શકું. દેશવાસીઓ માટે આ ચિંતાનો વિષય છે, ભ્રષ્ટાચાર પ્રત્યે નફરત જોવા મળે છે. પરંતુ ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કોઈ ચેતના દેખાતી નથી.

પીએમ મોદીએ ભાઈ-ભત્રીજાવાદ, અનુસંધાન સહિત અનેક મુદ્દાઓનું પોતાના ભાષણમાં ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે જ્યારે હું ભાઈ-ભત્રીજાવાદ અને પરિવારવાદની વાત કરું છું ત્યારે લોકોને લાગે છે કે હું ફક્ત રાજનીતિની વાત કરી રહ્યો છું. દુર્ભાગ્યથી રાજકીય ક્ષેત્રની આ બદીએ હિન્દુસ્તાનના દરેક સંસ્થાનમાં પરિવારવાદને પોષિત કરી દીધો છે. ભારત જેવા લોકતંત્રમાં જ્યાં લોકો ગરીબી સામે ઝઝૂમી રહ્યા છે ત્યાં એક બાજુ એવા લોકો છે જેમની પાસે રહેવા માટે જગ્યા નથી ત્યાં બીજી બાજુ એવા લોકો છે જેમની પાસે લૂંટેલી રકમ રાખવા માટે જગ્યા નથી. ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાનું છે. જે લોકો ગત સરકારોમાં બેંકો લૂટીને ભાગી ગયા તેમની સંપત્તિ અમે જપ્ત કરી રહ્યા છીએ. અનેક લોકો જેલમાં છે.

આ વખતનો સ્વતંત્રતા દિવસ અનેક રીતે ખાસ છે. પહેલીવાર લાલ કિલ્લા પર સ્વદેશી તોપથી સલામી અપાઈ. ધ્વજારોહણ બાદ લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રજોગ સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આત્મનિર્ભર ભારત કોઈ સરકારી કાર્યક્રમ નથી, પરંતુ સમાજનું જન આંદોલન છે. જેને બધાએ મળીને આગળ વધારવાનું છે. આઝાદીના ૭૫ વર્ષમાં પહેલીવાર એવું બન્યું કે લાલ કિલ્લા પરથી સલામી માટે દેશમાં બનેલી તોપનો ઉપયોગ કરાયો.

૭૫ વર્ષ બાદ પહેલીવાર ભારતમાં બનેલી હોવિત્ઝર તોપનો ઉપયોગ લાલ કિલ્લા પર સલામી માટે કરવામાં આવ્યો. પીએમ મોદીએ કહ્યું કે બિનજરૂરી વિદેશી સામાન અને ઉપકરણોની આયાત પર રોક લગાવવાનો પ્રયત્ન કરવો પડશે. વિદેશી રમકડાંની આયાતમાં પણ ભારે ઘટાડો થયો છે. કારણ કે બાળકોએ પણ તેમને નકારી દીધા છે. આ સાથે જ કેમિકલ મુક્ત ખેતી પર ભાર મૂક્યો. પીએમ મોદીએ કહ્યું કે જય જવાન, જય કિસાનની સાથે જય અનુસંધાન પર ભાર મુકવાની જરૂર છે. યુપીઆઈનો વધતો પ્રભાવ તેનું એક પ્રમાણ છે. દેશ ૫જી તરફ આગળ વધી રહ્યો છે. ગામડાઓમાં ઓપ્ટિકલ ફાઈબરનું નેટવર્ક બિછાવાઈ રહ્યું છે. ભારત માટે આ ટેક્નોલોજીનો દાયકો છે. સ્પેસ સમિશન, ઓશન મિશનમાં પણ આગળ વધી રહ્યું છે. આપણા નાના ખેડૂતો, લઘુ ઉદ્યોગો, રેકડીવાળા, તેમને આર્થિક તાકાત આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. માનવ સંસાધન અને પ્રાકૃતિક સંસાધનોનો વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે થાય, તેના પર ભાર મૂકવો પડશે. ગામડાથી લઈને શહેર સુધી પોલીસથી લઈને યુદ્ધના મેદાન સુધી, ખેલકૂદના મેદાન હોય, દેશના વિકાસમાં નારી શક્તિ પર ધ્યાન જરૂરી છે. બંધારણના નિર્માતાઓએ દેશના ફેડરલ સ્ટ્રક્ચર પર ભાર મૂક્યો અને તે ભવિષ્યની જરૂરિયાત છે. કાર્યક્રમ અને કાર્યશૈલી અલગ હોઈ શકે છે પરંતુ જરૂરિયાત હેલ્ધી કમ્પીટિટિવ ફેડરલિઝમની છે.

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી





નવીદિલ્હી,તા.૧૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામના કરી હતી. કેજરીવાલ મંગળવારે ૫૪ વર્ષના થયા. તેમણે શુભેચ્છાઓ માટે વડાપ્રધાનનો આભાર માન્યો હતો. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જન્મદિવસની શુભેચ્છા. હું તેમને લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરું છું."

વડાપ્રધાનની ઈચ્છાનો જવાબ આપતા કેજરીવાલે ટ્વિટર પર લખ્યું, "આભાર સર." ૧૬ ઓગસ્ટ ૧૯૬૮ના રોજ હરિયાણાના ભિવાનીમાં જન્મેલા કેજરીવાલ દિલ્હીના સાતમા મુખ્યમંત્રી છે. તેઓ દિલ્હી અને પંજાબની સત્તારૂઢ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર પણ છે.

## પહેલગામમાં આઈટીબીપીના જવાનોને લઈને જતી બસ ખીણમાં ખાબકી, ૧૦ જવાન શહીદ



શ્રીનગર,તા.૧૬

જમ્મુ અને કાશ્મીરના પહલગામના ચંદનવાડીમાં આજે મોટી દુર્ઘટના ઘટી. અમરનાથ યાત્રા ડ્યૂટીમાં લાગેલા આઈટીબીપીઁ જવાનોને લઈને જઈ રહેલી બસને અકસ્માત નડ્યો. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ જવાન શહીદ થયા છે.

આઈટીબીપીના જવાનોને લઈને જઈ રહેલી બસ ચંદનવાડીથી પહેલગામ જઈ રહી હતી. ત્યારે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ જેના કારણે બસ ખાઈમાં ખાબકી. આ બસમાં ૩૯ જવાનો સવાર હતા. જેમાંથી ૩૭ જવાન આઈટીબીપીના અને ૨ જવાન જમ્મુ કાશ્મીર પોલીસના હતા.ઘણા જવાનો ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.બસ દુર્ઘટના સંબંધમાં આઈટીબીપીએ એક નિવેદનમાં કહ્યું કે ૩૯ કર્મીઓને લઈ જઈ રહેલી એક સિવિલ બસ બ્રેક ફેઈલ થવાને કારણે રસ્તા પરથી ઉતરી નદીમાં ખાબકી હતી. આ બસમાં સવાર જવાન ચંદનવાડીથી પહેલગામ તરફ જઈ રહ્યા હતા. આ જવાનોની અમરનાથ યાત્રા દરમિયાન ડ્યૂટી હતી. ૪૫ દિવસોની યાત્રા થોડા દિવસો પહેલા જ સમાપ્ત થઈ છે. આ પછી સુરક્ષા જવાનો પોત-પોતાના લોકેશન પર પરત ફરી રહ્યા છે. પરત ફરતી વખતે આ બસ દુર્ઘટના બની છે. ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ અને જમ્મુ કાશ્મીર પોલીસનાં જવાનો બસમાં જઈ રહ્યા હતા ત્યારે બ્રેક ફેલ થઈ જવાન કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું કારણ આપવાના આવી રહ્યું છે.ચંદનવાડી પહલગામથી ૧૬ કિમી દૂર છે. હાલમાં જ અમરના યાત્રા સમાપ્ત થઈ હતી. ત્યારે આવા સમયે યાત્રામાં તૈનાત કરવામાં આવેલા સુરક્ષાદળના જવાનો પોતાની ટુકડીઓ સાથે પાછા ફરી રહ્યા હતા. કહેવાય છે કે, આ જવાનો પોતાની ડ્યૂટી પુરી કરીને પાછા ફરી રહ્યા હતા. ત્યારે બ્રેક ફેલ થઈ જતાં બસ ખીણમાં ખાબકી હતી. બસ ખૂબ નીચે નદીના કિનારે ખીણમાં પડી હતી. કહેવાય છે કે, તેમાં ભારે નુકસાન થયુ હોવાની આશંકા જતાવામાં આવી રહી છે.

## એપ્રિલ-જુલાઈના ચાર માસના ગાળામાં આવકવેરા સહિતનો વ્યક્તિગત ટેક્ષ રૂા.૨.૬૭ લાખ કરોડ જમા થયો

નવીદિલ્હી,તા.૧૬

દેશમાં કોરોનાકાળની વિદાય બાદ એક તરફ અર્થતંત્રની ગાડી પાટા પર ચડી રહી હોવાના સંકેત છે અને આડકતરા ટેક્ષ- જીએસટીનું માસિક કલેકશન દ્વારા રૂા.૧.૪૦ લાખ કરોડથી થઈ રહી છે અને હજુ તેમાં પ્રયાસો થશે તે નિશ્ચિત છે.

બીજી તરફ ડાયરેકટ ટેક્ષ કલેકશન સીધા કરવેરામાં પણ એપ્રિલ-જુલાઈ ૨૦૨૨ના ચાર માસમાં ૪૦%નો રેકોર્ડ વધારો થયો છે અને કુલ કલેકશન રૂા.૫ લાખ કરોડનું થયું છે.

જેમાં વ્યક્તિગત આવક પરના ટેક્ષ રૂા.૨.૬૭ લાખ કરોડ તથા કોર્પોરેટ ટેક્ષ રૂા.૨.૨૨ લાખ કરોડ થયો છે. સરકારે ચાલુ વર્ષમાં સીધા કરવેરાની આવક રૂા.૧૪.૨ લાખ કરોડ થશે તેવો અંદાજ રાખ્યો છે જયારે ડાયરેકટ ટેક્ષમાં રીફંડ રૂા.૬૭૦૦૦ કરોડનું આપવામાં આવ્યું છે.

એપ્રિલ-જુલાઈ ૨૦૨૨માં પર્સનલ ઈક્મટેક્ષ રૂા.૨.૬૭ લાખ કરોડ જમા થયો જે ગત વર્ષ આ સમયના સરખામણીમાં ૫૨% વધુ છે. જો કે કોર્પોરેટ ટેક્ષની આવક રૂા.૨.૨૨ લાખ કરોડ થઈ તેમાં ઘટાડો થયો છે.

## ટ્રીપલ તલાક બાદ હવે તલાકે હસનનો મુદ્દો સુપ્રીમમાં પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧૬

તલાક-એ-હસનને પડકારતી એક અરજી પર સુપ્રીમ કોર્ટે મહત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, અત્યારે આ મામલાને જોતાં લાગે છે કે, તલાક-એ-હસન પહેલી નજરે ખોટું નથી લાગતું. જોકે આ મોટી ટિપ્પણી કર્યા બાદ કોર્ટે સમગ્ર કેસની સુનાવણી ૨૯ ઓગસ્ટે સુધી ટાળી દીધી છે. સુનાવણી દરમ્યાન જસ્ટિસ સંજય કિશન કૌલે કહ્યું કે, પ્રથમ દ્રષ્ટિએ તલાક-એ-હસન એટલું અન્યાયી નથી લાગતું. અને એમાં મહિલાઓની પાસે પણ ખુલ્લા વિકલ્પો છે.

કોર્ટે કહ્યું કે, પ્રથમ દ્રષ્ટિએ અમે અરજીકર્તાઓ સાથે સહમત નથી. જસ્ટિસ સંજય કિશન કૌલે એક મોટી ટિપ્પણી કરતાં કહ્યું કે, અમે નથી ઈચ્છતા કે, આ મુદ્દો અન્ય કોઈ કારણસર એજન્ડા બને. અરજીકર્તા મહિલાને કોર્ટે એમ પણ કહ્યું કે, તમે એ જણાવો કે, તમે સહમતીથી તલાક માટે તૈયાર છો કે નહીં ? આ સાથે પણ પૂછ્યું હતું કે, તમે આ મામલે સીધા સુપ્રીમ કોર્ટ કેમ આવ્યા ? આ કેસ મામલે હાઈકોર્ટમાં ગયા કે નહીં ?સુપ્રીમ કોર્ટમાં ગાઝિયાબાદની એક મહિલાએ તલાક-એ-હસનની વિરુધ્ધ અપીલ દાખલ કરી છે. મહિલાને તેના પતિએ પતિ તલાક-એ-હસન મુજબ નોટિસ મોકલી હતી. જેને મહિલાએ સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. મહિલાની દલીલ છે કે, તલાક-એ-હસન મહિલાઓની ગરિમાની વિરુધ્ધ છે અને આ સન્માન સાથે જીવન વિતાવવાના અધિકારની પણ વિરુધ્ધમાં છે.સુપ્રીમ કોર્ટે તત્કાલ ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે તલાક-એ-હસનએ અલગ છે. તલાક-એ-હસન માં પતિ પોતાની પત્નીને પહેલી વાર તલાક બોલ્યા બાદ એક મહિના સુધી રાહ જુએ છે. પછી મહિનો પૂરો થતાં તે બીજી વાર તલાક બોલે છે. આ બીજા એક મહિના બાદ તે ત્રીજી વાર પત્નીને તલાક બોલે છે. ત્રણ વખત તલાક બોલવા દરમ્યાન જો પતિ-પત્ની વચ્ચે સમાધાન નથી થતું તો તલાક માની લેવામાં આવે છે.

## વાજપેયીની ચોથી પુણ્ય તિથિ , રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિ અને મોદીએ શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૧૬

આજે પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની ચોથી પુણ્યતિથિ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ઘણા નેતાઓએ અટલ સમાધિ સ્થળ પર જઈને પૂર્વ પીએમને શ્રદ્ધાંજલિ આપી છે. ૨૦૧૮માં આ દિવસે તેમનું અવસાન થયું હતું. પૂર્વ પીએમને યાદ કરીને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી નરેન્દ્ર મોદી સરકાર શ્રદ્ધાંજલિ આપી રહી છે.આ ઉપરાંત સરકારના ઘણા મંત્રીઓ ટ્વિટર દ્વારા સ્વર્ગસ્થ પીએમ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી

ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટમાં લખ્યું હતું કે ×પૂજ્ય અટલજીએ તેમના જીવનની દરેક ક્ષણ મા ભારતીની ગરિમાને પુનઃસ્થાપિત કરવા માટે ખર્ચી નાખી. તેમણે ભારતીય રાજકારણમાં ગરીબ કલ્યાણ અને સુશાસનના નવા યુગની શરૂઆત કરી અને વિશ્વને ભારતની હિંમત અને શક્તિનો અહેસાસ કરાવ્યો. આજે તેમની પુણ્યતિથિ પર તેમને શ્રદ્ધાંજલિ.

## તંત્રી સ્થાનેથી...

# લમ્પી વાયરસના નિદાન માટે પગલાં સહિત સચોટ નિદાન આવશ્યક

લમ્પી વાઈરસના બનાસકાંઠા જિલ્લા, દેવભૂમિ દ્વારકા, જામનગર અને રાજકોટ જિલ્લામાં સૌથી વધારે કેસ નોંધાયા છે. જોકે કેટલાંક પશુઓ સારવાર પછી સાજાં પણ થઈ રહ્યાં છે તો મોટી સંખ્યામાં લમ્પીગ્રસ્ત પશુઓનાં મૃત્યુ પણ થયાં છે. હજુ સુધી એવું જોવા નથી મળ્યું કે ગાયમાંથી આ વાઈરસનો ચેપ કોઈ મનુષ્યમાં ફેલાયો હોય. પશુધનને બચાવવા માટે રસીકરણની ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે મહત્વનો સવાલ એ છે કે, શું લમ્પી વાઈરસથી સંક્રમિત પશુઓનું દૂધ આરોગ્ય માટે જોખમી છે? જિનેટિક વાઈરસ અંગે જે રિસર્ચ થયાં છે તેની યાદીમાં લમ્પી વાઈરસ નથી. તેથી તે મનુષ્યમાં ફેલાઈ શકતો નથી. લમ્પી વાઈરસ એ જીનેટિક ડિસીઝ નથી તેથી તે મનુષ્યમાં ફેલાઈ શકે નહીં. ગુજરાતમાં આ વાઈરસ માત્ર ગાયોમાં જ જોવા મળ્યો છે. કાચું દૂધ પીવું જોઈએ નહીં. હંમેશા દૂધ ઉકાળીને જ પીવું જોઈએ. તમારા દૂધાળા પશુને કયો રોગ છે તે તમે ક્યારેક જાણી શકતા નથી એવા કિસ્સામાં કાચું દૂધ પીવાથી રોગ ફેલાઈ શકે છે. ઘરે દહીં પણ બનાવવું હોય તો પણ દૂધને ગરમ કરી ઠંડુ કર્યા બાદ જ તેમાં મેળવણ કરવું જોઈએ. દૂધને ઉકાળવાથી તેમાં રહેલા વાઈરસ મરી જાય છે. જેથી હંમેશા દૂધ ઉકાળીને જ તેનું સેવન કરવું. કેટલાંક રાજ્યોમાં લમ્પી વાઈરસ ભેંસોમાં પણ જોવાં મળે છે પરંતુ ગુજરાતમાં હજુ આ વાઈરસ ભેંસોમાં જોવા મળ્યો નથી. ગાયો સાજી થયા બાદ તેના દૂધમાં ઘટાડો જોવા મળ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૨૩ જિલ્લાનાં ૩૩૫૮ ગામોમાં કુલ ૭૬થી વધુ પશુઓ લમ્પી વાઈરસથી સંક્રમિત થયા છે. રાજ્ય સરકારના દાવા મુજબ ૫૪ હજારથી વધારે પશુઓ સાજા થઈ ગયાં છે અને હજારો ચેપગ્રસ્ત પશુઓની સારવાર ચાલી રહી છે. અત્યાર સુધી ૩૧ લાખથી વધુ પશુઓનું રસીકરણ કરાયું છે. રાજ્યમાં ૧૪.૩૬ લાખ રસીનો જથ્થો ઉપલબ્ધ છે. પશુપાલકોને તાત્કાલિક સારવાર હેતુસર ટૉલ ફ્રી હેલ્પલાઈન નંબર અને ગાંધીનગર ખાતે ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લામાં પશુપાલકો અને ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ ચિંતાનું કારણ છે, પાછલા એક માસથી ગાય અને ભેંસમાં ઝડપથી પ્રસરી રહેલ લમ્પી વાઈરસનો ચેપ. વૅક્સિનની અસર થતાં ૧૫થી ૨૦ દિવસ થાય છે. આ રોગમાં મરણનું પ્રમાણ એકથી પાંચ ટકા સુધીનું છે.

ગુજરાતના કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પશુઓમાં લમ્પી વાઈરસનો ચેપ સતત વધી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને કચ્છ જિલ્લાની પરિસ્થિતિ ગંભીર ગણાય છે. કચ્છ જિલ્લામાં ૨૩,૭૯,૩૮૬ પશુઓ છે, જેમાંથી પાંચ લાખ જેટલી ગાય છે. જે પૈકી ૩૮,૫૫૧ ગાયો લમ્પી વાઈરસથી ગ્રસ્ત અને કુલ ૨,૬૫,૯૫૫ ગાયોનું રસીકરણ થઈ ચૂક્યું છે. ૨૫ આઈસોલેશન કેન્દ્રમાં અસરગ્રસ્ત પશુઓની સંખ્યા કુલ ૧,૨૨૧ છે. સરકારનો દાવો છે કે તેમની પાસે હાલ ૧,૧૨,૫૬૩ રસીના ડોઝ સ્ટૉકમાં છે. ગામની સીમમાં અતિશય દુર્ગંધવાળા વાતાવરણમાં સર્વ સમાજ સંસ્થાના સભ્યો મરી રહેલી ગાયોના અંતિમસંસ્કારની વિધિ કરી રહ્યા છે. આ રોગચાળો રોકવા માટે મૃતદેહોનો યોગ્ય નિકાલ જરૂરી છે, જેનાથી સંક્રમણ રોકી શકાય. રોગના ઈલાજ અને રોકથામ માટે તો પગલાં લેવાયાં પરંતુ મૃત ગાયોના મૃતદેહો પણ માલધારીઓ પોતે હટાવવા મજબૂર બન્યા છે.

# ૧૦૦૦ ગ્રામ-સ્તરના જન સાથીઓ સ્વતંત્રતા દિવસ પર ભારત એક્શન પ્રોજેક્ટમાં જોડાયા; સરકારશ્રીની પ્રજાકલ્યાણની યોજનાનો અને નોકરીનો લાભ અપાવવા દેવદૂતની જેમ કાર્ય કરશે



૧૫મી ઑગસ્ટ ૨૦૨૨, અમદાવાદ: સમગ્ર ગુજરાતમાંથી ૧૦૦૦ ગ્રામ્ય-સ્તરના જન સાથીઓ ભારતના ૭૫મા સ્વતંત્રતા દિવસ પર સિવિક-ટેક સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ (IAP)માં જોડાયા છે. જન સાથીઓ IAPની બહુભાષી જનસંબંધ એપ્લિકેશન દ્વારા તેમના ગામમાં લાયક નાગરિકોને જનકલ્યાણ યોજનાઓ અને નજીકની નોકરીઓને મેપ કરી કનેક્ટ કરવા માટે તાલીમ પામેલ છે.ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ (IAP) મીડિયા-ઉદ્યોગસાહસિક શ્રુતિ ચતુર્વેદી દ્વારા સ્થપાયેલી કંપની છે, જ્યાં ભારતીય યુવાઓનો સમૂહ ભારતની સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષમતાઓને ખોલવાના મિશન પર કાર્યરત છે. આ સ્ટાર્ટઅપ, ડેટા, ટેકનોલોજી અને કોમ્યુનિકેશન મોડલ્સ ના અર્થપૂર્ણ ઉપયોગ દ્વારા ભારતના સૌથી મહત્ત્વના પડકારોને હલ કરવાનો હેતુ ધરાવે છે.દર વર્ષે, નબળા પ્રચાર અને યોજનાની જટિલ અરજીની પ્રક્રિયા જેવા અનેક કારણોને લીધે હજારો કરોડનું બિનઉપયોગી જન કલ્યાણ યોજનાનું બજેટ બિનખર્ચિત રહે છે. મોટા ભાગના નાગરિકો કલ્યાણકારી યોજનાઓથી અજાણ હોય છે અને જો તેઓ તેના માટે લાયક છે કે નહીં તેનો ખ્યાલ હોતો નથી.જન સાથીઓ મુખ્યત્વે એવા લોકો સાથે કામ કરે છે કે જેઓ પિરામિડના તળિયે હોય છે જ્યાં સાક્ષરતા અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની જાણકારી ખૂબ જ ન્યૂનતમ હોય છે. જન સંબંધ કાર્યક્રમ, ગ્રામ્ય કક્ષાના જન સાથીઓ દ્વારા સંચાલિત, સરકારી યોજનાઓ વિશે જાગૃતતા વધારવા અને લોકોને અરજી પ્રક્રિયામાં મદદ કરવા માટે રચાયેલ છે - જેમાં જરૂરી દસ્તાવેજો એકત્ર કરવા અને જાહેર અધિકારીઓ સાથે ફોલોઅપનો સમાવેશ થાય છે.

જન સાથીઓનIAP ની જન સંબંધ એપનો ઉપયોગ કરીને નજીકના વિસ્તારોમાં તેમના ગામના સંબંધિત લોકો સાથે કોઈ પણ નોકરીની શરૂઆતને મેચ કરવા અને સૂચિત કરવા માટે પણ તાલીમ આપવામાં આવી છે. હાલમાં, બનાસકાંઠા અને કચ્છ સહિત ગુજરાતના ૧૦૦૦ ગામડાઓમાં જન સાથીઓ સક્રિય છે. તેઓએ ૨૯૦૦ થી વધુ કૃષિ કરતા ખેડૂતો, કચ્છના નાના રણ (LRK) ના મીઠું પકવતા ખેડૂતો અને નાના અને મધ્યમ કદના વેપારીઓ માટેની વિવિધ સરકારી યોજનાઓ માટે અરજી કરવામાં મદદ કરી છે. તેઓએ બનાસકાંઠાના વિવિધ ગામોની ૨૦૦ મહિલાઓને મનરેગા કાર્ડ માટે અરજી કરવામાં પણ મદદ કરી છે જેથી તેઓ મનરેગા યોજના હેઠળ રોજગાર મેળવી શકે.

"હું માનું છું કે જો દરેક ભારતીયને તેમના વિસ્તારની નજીક કાર્યરત સંસ્થાઓ દ્વારા સરકાર અને ઝજીઈ દ્વારા નક્કી કરાયેલા તેમના યોગ્ય લાભો મળે તો ભારતની મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ થઈ શકે છે. અમે એ જ ગામના સભ્યોને અમારા જન સાથી કાર્યક્રમમાં સામેલ કર્યા છે અને તેમના ગામમાં લોકોને મદદ કરવા માટે જરૂરી સાધનો અને માહિતીથી સજ્જ કરવા માટે ઘણી પાયાથી કામ કરતી સંસ્થાઓ સાથે ભાગીદારી કરી રહ્યા છીએ×, ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટના સ્થાપક શ્રુતિ ચતુર્વેદી

સ્ટાર્ટઅપનો હેતુ સરકારી વિભાગો, એનજીઓ, કોર્પોરેટ અને સીએસઆર સાથે ભાગીદારી કરીને જન સાથીઓના જીવનને અપગ્રેડ કરવાનો પ્રયત્ન પણ છે. સ્ટાર્ટઅપે તાજેતરમાં ગુજરાત ક્ષત્રિય ઠાકુર સેના (GKTS) સાથે તેમના સભ્યોને તેમના સંબંધિત ગામોમાં જન સાથીઓ તરીકે તાલીમ આપવા માટે સહયોગ કર્યો હતો.

વધુમાં શ્રુતિ ચતુર્વેદીએ જણાવ્યું કે "અમારા જન સાથીઓ ગ્રામીણ ભારતમાં અમારા ભાગીદારો માટે ઉત્તમ કાર્યો કરે છે કારણ કે તેઓ સ્થાનિક નિવાસી, જાગૃત અને પ્રશિક્ષિત છે. આ ભાગીદારી અમારા જન સાથીઓને તેમના ગામના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો લાવવાની પ્રતિબદ્ધતા માટે પ્રોત્સાહિત કરે છે"

આગામી પગલાં

ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ ૨૦૨૫ સુધીમાં સમગ્ર ભારતમાં ૧ મિલિયન જન સાથીઓને તેમના નેટવર્કમાં સામેલ કરવાનું લક્ષ્ય ધરાવે છે.

લાભાર્થીના લાભના પ્રભાવને વિસ્તારવાની સાથે, સમગ્ર દેશમાં ૧૦,૦૦,૦૦૦ જન સાથીઓને આજીવિકાની તકો પણ પૂરી પાડશે - જેમાં મહિલાઓ, ટ્રાન્સજેન્ડર, દિવ્યાંગ અને છેવાડાના સમુદાયોનો સમાવેશ કરવામાં આવશે.

# અમૃત પર્વ

દિવસે દિવસે ઉમ્મર વધતી જાય છે.પંચોતેરમું પૂરુ થયું ને છાત્તેરમું બેઠું મને,હવે હું કંઈ નાની સુની થોડી છું.જ્યારે નવી નવી હતી હું ગલીએ ગલીએ રગેરગમાં ગરમ ખૂનની જેમ વહેતી હતી. કેટલાય નેતાની હોડમાં હતી.બાપુ જેવા બાપુ પણ મને દાવ પર મૂકી ને શહીદ થઈ ગયા.લોકો પચાવી ગયા મને એક ખુરશીની લાહીમાં લાઈ જેવા થઈ ચોંટી ગયા.પ્રગતીનાં નામે શૂન્યને ,ભાઈચારાના નામે તો દંગા જતિરંગાની આનસાન રહી ગઈ ગીતોને ગાયનોમાં,જેમતેમ પચ્ચીસની થઈ તો પાછો લોકોમાં મારી યુવાનીનો જોશને આકર્ષણ જાગ્યું થોડો સમય તો મને લાગ્યું સુષુપ્ત માનવી જાગૃત થઈ ગયો..પણ ભાઈ ભાઈ ગજબ ભયો

...ઉમાશંકર જોશી લખી ગયા...

'તેં શું કર્યું?'

'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું? '

'દેશ જો બરબાદ થાતાં રહી ગયો,

'એ પુણ્ય આગળ'આવીને કોનું રહ્યું?'

સ્વતંત્રતા એ શબ્દનો અર્થ જાણવા માટે ક્યારેય શબ્દકોષ ન ઉથલાવતા. એ શબ્દનો સાચો અર્થ અનુભવકોષમાં પડ્યો છે : એ શબ્દ પણ નથી, એક લાગણી છે, જે અનુભવી શકે એ અનુભવી શકે; ન અનુભવી શકે એના માટે એ બારાખડીમાં આવતા કેટલાક સંકેતોથી વિશેષ કશુ જ નથી. પચ્ચીસ વર્ષમાં તો લાંચ રિશ્વત ,સત્તાનો દોર મામા માશી કે ભાઈ બહેન દીકરીઓના હાથમાં ચાલ્યો ગયો.મહેલો બંધાયા ને લોકો ફરી ગુલામ બનવા લાગ્યા.હિન્દુ



મુસ્લિમ શીખ ઈસાઈના વાડા પડ્યા ને સત્તાદારોના હાથમાં નબળી કડી આવી ગઈ.સત્તા ચાલતી ગઈ ને માનવ આંખે પાટા બાંધી લોકશાહીની માળા મને વરમાળાની જેમ પહેરાવતો ગયો.ખાઈ પડી અમીર વધુ અમીર ગરીબ વધુ ગરીબ...ને પચાસ વરસ પૂરા કરી ભારતમાતા અર્ધ શતાબ્દીના જસ્નમાં નાચવા લાગી.હું તેની પુત્રી આઝાદી પણ પંચોતેર વર્ષ પુરાની બની લોકોના હૈયામાંથી મારા ઉદભવનો આનંદ હવે ક્યાંય ન દેખાયો મને જન્મ આપનારા ભુલાયા.હવે તો મને ભોગવવારા જ રહ્યાં ને બિચારી પ્રજા તે તો રહેંસાતી જ ગઈ. આમને આમ સ્વતંત્રતા ને ખાદીની જગ્યા એ મેડ ઈન ચાઈના ને યુ.એસ.એના રાસડા લેવાના શરૂ થયાં.લોકો શુદ્ધ અનાજની જગ્યા એ ઝહેર ખાવા લાગ્યા છે.બાળકોને નિંબધ આપ્યો'આઝાદી પછીના પંચોતેર વરસનું ભારત' શું લખવું બાળકોએ?પ્રશ્ન બની રહ્યો?મારી તો બધી જ માનસિકતા જ ધ્રુજી ગઈ છે.ધીરે ધીરે ચારે બાજુથી ભીંસાતી હું આશા કરતી થઈ કે ક્યાંક તો આ નેતાઓની વચ્ચે મને પ્રેમ કરનાર તો આવશે.તેના સુદર્શન ચક્થી રક્ષણ કરવા.ક્યાક તો મારામાંથી જન્મેલા મારા પુત્ર 'ભારત' નું નામ દેશ વિદેશમાં પ્રથમ લેવાશે.સાંઈઠમાં એ મારા 'ગણતંત્ર દિવસ' પર મને થોડી આશાના સંચાર મળ્યા..ગુજરાતમાં જાગેલા એક નેતાએ ભારતને લોકો સુધી પહોંચાડવાની ખેપ ભરી .પંદર વરસથી આ નેતાએ 'મારા પુત્ર ભારતને 'ટોચના સ્થાને પહોંચાડવાની ઝુંબેશ શરૂ કરી.મૂળમાંથી ભારતની સફાઈ શરૂ થઈ ને દસ વરસમાં વિકાસ આગળ વધ્યો છે.યુ.કે, યુ.એસ.એ ,યુટોપિયા, ઈજીપ્ત, બ્રાઝીલ પૃથ્વીના ખૂણે ખૂણે હવે 'ભારત' નું નામ છે.લોકો બનાવશે જવું છે બોલતા થયાં. મા ગંગાનાં પવિત્ર જળ નિર્મળ થઈ વહેવા લાગ્યાં.. જ્યાં મારું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાતું થયું.આજ મારા ૭૫માં અમૃત પર્વના જન્મ દિવસ પર એટલું જરૂર કહીશ કે ભારતના શહીદો ને મારા પ્રણામ અને શહીદોના સ્મારક 'વોર મેમોરિયલ 'બનાવનાર વડાપ્રધાન નરેન્દ્રમોદીને સલામ.કોરોના વોરિયરોને સલામ.. સાથે આઝાદી અપાવવા માટે અજાણ્યાં રહી ગયેલાં મારા ભારતવાસીઓને અંજલિ શાંતિ ઓમ.

'સ્વતંત્રતાનો દિવસ મારો સંદેશ

મારા તરફથી વિનંતી કે 'સંપ ત્યા જંપ' ને હમેશાં યાદ રાખશો.હું ક્યારેય વૃદ્ધ નહિ દેખાઉ.મને એક દિવસ નહિ હંમેશ યાદ રાખશો.

'આઝાદી'હર હર ગંગે..
ઘર ઘર ઝંડા હંમેશ લહેરાતા રહે.

જયશ્રી પટેલ

# ગાંધીનગર રામકથા મેદાન ખાતે તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રામકથા મેદાન,સેક્ટર- ૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયાએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે નામી-અનામી શહીદ વીરોને યાદ કરીને શ્રધ્ધાસમુન અર્પણ કર્યા હતા.

૭૬મા સ્વાતંત્ર્ય પર્વની નગરજનો અને તાલુકાવાસીઓને શુભકામનાઓ પાઠવી પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આપણા માટે આ એક વિશેષ પર્વ છે, માતૃભૂમિના ચરણોમાં વંદન કરવાનું, આપણા શહીદ વીરોને યાદ કરીને તેમના પ્રતિ આદર વ્યક્ત કરવાનું અને સાથે જ રાષ્ટ્રની ગરિમા- ગૌરવ પ્રતિ આપણી રાષ્ટ્રભાવના તથા નિષ્ઠાને સંકલ્પબધ્ધ કરવાનું વિશેષ પર્વ છે.વર્ષો પહેલાં ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભાઈ પટેલે સેંકડો રજવાડાઓને એકત્ર કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આજે ગુજરાતના પનોતાપુત્ર અને આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે કમરકસીને ભારતને આંતરરાષ્ટ્રીય ફલક પર વધુ દૈદિપ્યમાન બનાવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતના હૃદયસમ્રાટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસના જે પ્રેરણાદાયી પાયા નાખ્યા છે, તેની ઉપર આપણે સૌએ સાથે મળીને વિકાસની ભવ્ય ઈમારત ચણવાની છે. ગ્રામજનો, યુવાનો, મહિલાઓ, વંચિતો અને ખેડૂતો સૌ કોઈનો સમતોલ વિકાસ કરવા આપણા મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખૂબ ત્વરાથી જે પ્રજાલક્ષી નિર્ણયો લઈ રહ્યા છે. મને એ વાતનો આનંદ છે કે, 'હર ઘર તિરંગા'કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં તિરંગાની આન-બાન અને શાન વિશે સમજ આવે, રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને રાષ્ટ્ર પ્રત્યે વિદ્યાર્થીઓ ફરજોથી જાગૃત્ત બને તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.પ્રાથમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. શાળાના બાળકો દ્વારા ગામમાં પ્રભાત ફેરીઓ યોજવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મોટા પાયે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. હર ઘર તિરંગાની માનનીય પ્રધાનમંત્રીશ્રીની વિભાવનાને ગાંધીનગર તાલુકાના તમામ નાગરિકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ઝીલી લીધી છે. તેમણે જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસને આ સરકારે હમેંશા પ્રાધાન્ય આપ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ગામ હોય કે શહેર વિકાસના ફળ સર્વેને સમાન મળી રહ્યા છે. વિકાસ કાર્યમાં હમેંશા જિલ્લા વહીવટી તંત્ર અને તાલુકાના સ્થાનિક તંત્રને નાગરિકોનો સાથ- સહકાર મળી રહે છે.

રાષ્ટ્રધ્વજ ફરકાવીને પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયાએ પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

# ૭૬માં સ્વાતંત્ર દિને વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ ના ગુજરાત પ્રદેશ એડિશનલ કો-કન્વીનર શ્રી કૃણાલ દીક્ષિત દ્વારા હિન્દ છોડો આંદોલન ૧૯૪૨ માં ભાગ લેનાર સ્વાતંત્ર સેનાની સ્વ. શ્રી હરિશ્ચંદ્ર દામોદર પાટીલ ના પરિવાર નું સન્માન કરવામાં આવ્યું

'રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ નો ભાવ દેશના તમામ યુવાનો ની રગ રગમાં દોડે એ માટેના પ્રયત્નો કરીશ- શ્રી કૃણાલ દીક્ષિત'

તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨,દેશના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આજે ૭૬માં સ્વાતંત્ર દિને વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ ના ગુજરાત પ્રદેશ એડિશનલ કો-કન્વીનર શ્રી કૃણાલ દીક્ષિત દ્વારા હિન્દ છોડો આંદોલન ૧૯૪૨ ની અંદર ભાગ લેનાર સ્વાતંત્ર સેનાની સ્વ. શ્રી હરિશ્ચંદ્ર દામોદર પાટીલ ના પરિવાર નું દહીંસર,મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને જઈ સન્માન કરવામાં આવ્યું અને તેમને રાષ્ટ્રધ્વજ અને વિશ્વ ગુજરાતી સમાજ યૂથ વિંગ ની સ્મૃતિ ભેંટ અર્પણ કરવામાં આવી.સ્વ.શ્રી હરિશ્ચંદ્ર દામોદર પાટીલ નો જન્મ ૨૯ સપ્ટેમ્બર ૧૯૧૮ના રોજ બોરડી ગામે થયો હતો. ઈ.સ.૧૯૩૦ થી ૧૯૪૦ ના દશકમાં ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેશના યુવાનોને સ્વતંત્રતતા ચળવળમાં સ્વયં જોડાવા આહ્વાન કરેલું ત્યારે શ્રી હરિશચંદ્ર પાટીલ દ્વારા તેઓના ગામ ના યુવાનો મા ક્રાંતિ લાવી ૯૩ જેટલા યુવાનોને આ ચળવળમાં જોડ્યા હતા અને અંગ્રેજો ની ટેલીકોમ, રેલવે-રસ્તા ની વ્યવસ્થા તોડી પાડી હતી. આ માટે અંગ્રેજ હુકુમત દ્વારા તેઓની ધરપકડ કરી કારાવાસની સજા કરવામાં આવી હતી. ત્યારબાદ ઈ.સ.૧૯૪૨ માં હિંદ છોડો આંદોલનમા સ્વ. શ્રી હરિશ્ચંદ્રજી અને તેમના ત્રણ ભાઈઓ આંદોલન ની અંદર ખૂબ જ અગ્રેસર રહ્યા હતા. ત્યારબાદ અંગ્રેજો દ્વારા તેમની ફરી ધરપકડ કરવામાં આવી હતી.શ્રી હરિશ્ચંદ્રજી નો ૮૮ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો હતો. શ્રી કૃણાલ દીક્ષિતે સ્વતંત્ર સેનાની ના પરિવાર સાથે બેસીને તેઓના સ્વાતંત્ર અભિયાન દરમિયાન ના અનુભવો અને જૂના સંસ્કરણો ને યાદ કર્યા હતા. સ્વાતંત્ર સેનાની ના રાષ્ટ્ર માટેના સમર્પણથી વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ પ્રોત્સાહિત થયો હતો.પાટીલ પરિવારનું રાષ્ટ્ર માટેનું યોગદાન અતુલ્ય છે આવો જ રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણ નો ભાવ દેશના તમામ યુવાનો ની રગ રગમાં દોડે એ માટેના પ્રયત્નો કરવાની શ્રી કૃણાલ દીક્ષિતે ખાતરી આપી હતી. આ પ્રસંગે મુંબઈચા મહારાજા સાર્વજનિક ગણેશ ઉત્સવ મંડળ ના મહિલા અધ્યક્ષ શ્રીમતી શિલ્પા પટવા એ હાજર રહી ગૌરવની લાગણી અનુભવી હતી.

# ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી

૭૬મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી SGVP ગુરુકુળ, છારોડી, ખાતે થઈ હતી. ધ્વજવંદન ઉપરાંત પોલીસ પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સાથે સ્વાતંત્ર્ય સેનાની શ્રી નંદલાલ ત્રિકમલાલ શાહ તેમજ અમદાવાદ જિલ્લાના ૮૨ કર્મયોગીઓનું જિલ્લા પ્રભારી મંત્રી તથા આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય સેનાની શ્રી નંદલાલ શાહે ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં સક્રિય ભાગીદારી નોંધાવી હતી. હિંદ છોડો આંદોલન શરૂ થયું ત્યારે તેઓ સી.એન. વિદ્યાલયમાં મેટ્રિકમાં અભ્યાસ કરી રહ્યા હતા. સત્યાગ્રહો, હડતાળો, સરઘસો, સભાઓ, લાઠીચાર્જ, ધરપકડોના બનાવો વચ્ચે તેઓ પણ આંદોલનમાં કૂદી પડવા તલપાપડ હતા. પોતાના સહપાઠી વાડીલાલ ડગલીની સાથે તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડ્યો. મહાત્મા ગાંધી દ્વારા લિખિત અને બ્રિટિશ સરકાર દ્વારા પ્રતિબંધિત 'હિંદ છોડો' પુસ્તિકા સહિતનું પ્રતિબંધિત સાહિત્ય તેમણે અમદાવાદથી સુરેન્દ્રનગર પહોંચાડ્યું હતું.હિંદ છોડો આંદોલન પરાકાષ્ઠાએ પહોંચ્યું ત્યારે તેમને વાડીભાઈ પાસેથી બંગાળની લશ્કરી ફેક્ટરીમાંથી ચોરાઈને આવેલા ડાયનેમાઈટના ફ્યુઝ અને બીજા સ્ફોટક પદાર્થો પ્રાપ્ત થયા. ભોગીલાલ મૂળજી શાહ, કાનજી ગિરધર સાથે મળીને તેમણે બોમ્બ તૈયાર કર્યા. એંગ્લો ઈન્ડિયન સરઘસના તંબુ પર તથા સુરેન્દ્રનગરની જેલ પર કાનજીભાઈ અને ભોગીલાલભાઈએ બૉમ્બ ફેંક્યા. મિલિટરીના કપડાં સીવતા દરજીખાના પર પણ કાનજીભાઈએ બોમ્બ ફેંક્યો. હાહાકાર મચી ગયો હતો . નંદલાલભાઈએ પણ બોમ્બ તૈયાર કર્યો અને ૫મી ફેબ્રુઆરી, ૧૯૪૩ના રોજ સુરેન્દ્રનગરથી ભાવનગર જતી ટ્રેનમાંથી ભોગાવાના રેલવે પુલ પર ફેંક્યો. બોમ્બ ફેંકીને પ્રવાસીઓ સાથે ભળી ગયા, પરંતુ બે દિવસમાં ત્રણેય મિત્રો પકડાઈ ગયા અને રાજકોટ સેન્ટ્રલ જેલમાં અંધારી કોટડીમાં પૂરી દેવામાં આવ્યા હતા.એ વખતે નંદલાલભાઈની ઉંમર માંડ ૧૭ વર્ષની હતી. નાની ઉંમરના મુદ્દે કેસ બાળ અદાલતમાં ચાલવો જોઈએ, એ દલીલને કારણે કેસ લંબાયેલો. જોકે, પછી શંકાનો લાભ મળતાં ૧૪ મહિનાની જેલમાંથી છૂટકારો થયો હતો.આઝાદીના અમૃત



મહોત્સવમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન મુજબ નામી-અનામી સ્વાતંત્ર્ય વીરોને યાદ કરવા અને તેમના સન્માન કરવાનો ખાસ ઉપક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદમાં સ્વાતંત્ર્ય સેનાની નગરમાં રહેતા નંદલાલભાઈને આરોગ્યમંત્રી શ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા ત્યારે તેમના ચહેરા પર અનેરું ગૌરવ જોવા મળતું હતું.

સ્વાતંત્ર્ય સૈનિક ઉપરાંત જિલ્લાના વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૮૨ કર્મયોગીઓને પણ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીના ૨૧, પોલીસ અધિક્ષકની શ્રીની કચેરી, અમદાવાદ (ગ્રામ્ય)ના ૩૬, જિલ્લા નિરીક્ષક જમીન દફતરના ૧૦, ૧૦૮ ઈમરજન્સી સર્વિસના ૬, જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના ૫, આરોગ્ય વિભાગ (અમ્યુકો), આઈસીડીએસ શાખા, મામલતદાર કચેરી, સાણંદ અને મામલતદાર કચેરી ઘાટલોડિયાના ૧-૧ કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું.સ્વાતંત્ર્ય પર્વ પર મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કલેક્ટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા નિવાસી અધિક કલેક્ટર શ્રી પરિમલભાઈ પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા અને અમદાવાદ જિલ્લા ગ્રામ્ય પોલીસ વડા શ્રી અમિત વસાવાની સહઉપસ્થિતિમાં કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# “અમારે કોઈને શિંગડે ચડાવવા હોય તો મતદાર યાદી કે આધાર કાર્ડ લઈને ફરવાનું?”ગૌમાતાનો વાજબી સવાલ

અંતે સફળતાપૂર્વક ઢીંકકરણ કાર્યક્રમ સંપન્ન થયો!આ કાર્યક્રમ માટે ઢીંકકરણ ક્ષેત્રે ઉજ્જવલ કારકિર્દી બનાવવા ઈચ્છુક ઉત્સાહી ગૌમાતાને માર્ગદર્શક મંડળમાં નિહિત નેતાઓ ( ભાઈ ગાયોમાં પણ આવું મંડળ હોય છે. સાવ કોરાણે મુકાયેલી ગાયો તેના વિશાળ ઢીંકકરણના અનુભવનો લાભ પ્રશિક્ષણ કાર્યક્રમમા્ આપે છે. ઉજ્જવળ સંસ્કૃતિ અને પરંપરા જીવંત રાખવા માટે શિંગડા, પગ અને પૂંછડીથી જે કંઈ યત્કિંચિત્ થઈ શકે તે કરવું જ રહ્યું! એની ડાઉટ?)ધ્વારા થિયેરીકલ અને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવેલ. રાક્ષસોનો નાશ થાય અને સ્વર્ગની અપ્સરાઓ પાગલ થઈને નૃત્ય કરે તેમ ગૌમાતાએ ઢીંકોત્સવ મનાવ્યો. જેમાં બીજા દસબારને શિંગડે ચડાવ્યા!!

ઢીંક મારવી એ કળા અને વિજ્ઞાન છે. એક ગાય તરીકે તમે ઉન્નત મસ્તકે ઉત્તમ ઢીંક મારી શકો નહીં.નાથુરામ ગોડસેએ ગાંધીજીના ચરણસ્પર્શ કરીને ગાંધીજી પર ગોળીઓ છોડી હતી તેમ એક ગાય તરીકે દિમાગ ઠંડું રાખી શિંગડા નીચે નમાવી શિકાર તરફ સંપૂર્ણ લક્ષ કેન્દ્રિત કરી શિંગડે ચડાવવાનો છે. અર્જુનને તીરંદાજીની પરીક્ષામાં માત્ર પક્ષીની આંખ દેખાતી હતી તેમ તમને લારી,ભીડ,પાલો,ફળ વગેરે જોવાનું નથી! તમારે ટારગેટ પર ફોકસ કરવાનું છે. ફાસ્ટ બોલર બોલિંગ કરે તે પહેલાં રન અપ પર દોડે તેમ તમારે હીંકોટા-છીંકોટા કરતા પગની ખરીથી ધૂળ ઉડાડતા ઉડાડતા શિકારને શિંગડે ઉછાળવાનો છે , ચાર પગે કુંભાર જેમ માટી ખૂંદે તેમ શિકારને ખૂંદવાનો છે.જરીકે ચૂંક કરવાની નથી કે દયા ખાવાની નથી!!ઢીંકનો માર્ગ છે શૂરાનો , નહીં કાયરનું કામ જોને!!

છારું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય તે ઉક્તિને જૂઠાર્થમાં ફેરવી ૧૯ લોકોને ગાયમાતા સહિત ઢોરોએ યમસદન પહોંચાડ્યા છે. દીકરો સોનારૂપાની થાળીમાં બત્રીસ જાતના ભોજન અને તેત્રીસ જાતના પકવાન આરોગે અને મા વૃધ્ધાશ્રમમાં સૂકા રોટલાનું નૈવેધ આરોગો તેમ ગાયમાતાનો ચારો, સબસીડી ઓહીયા કરીને માણસો ગૌમાતાને ઉકરડામાં ઓખર કરવા અને પ્લાસ્ટિક આવા બેબસ કરાય છે!!!

કડી શહેરમાં ગાયે એક વિદ્યાર્થી પર હુમલો કર્યાની ઘટના તાજી છે . જામનગરમાં એક વૃધ્ધને ગાયે શિંગડે ઉછાળાને હાડકા ખોખરા કરી દીધેલા.

જામનગર મહાનગરપાલિકાએ રસ્તા પર બેસેલા ઢોરોને તગેડવા માટે દર મહિને ૨૦૦૦૦ ના દરમાયાથી આધુનિક ગોવાળિયાના જગ્યા ભરી છે. એનાથી અડધા પગારે કોમ્પ્યુટર જાણકાર ડેટાએન્ટ્રી કરે છે. જુવાનિયાએ નક્કી કરવાનું કે વીસ હજાર રૂપરડીમાં ઢોરા તગેડવા છે કે દસ હજારમાં કોમ્પ્યુટર એન્ટ્રી કરવી છે?ચોઈસ ઈઝ યોર્સ!!

રાજયમાં ૨૦૧૨ માં રખડતા ઢોર ૨.૯૨ લાખ હતી જે વધીને ૩.૪૩ લાખ થયેલ છે. અહીં ચોપગા ઢોરની વાત છે. મિસ કોલ્ડથી ચોક્કસ પાર્ટીના ઢોરોની વધતી જતી સંખ્યાને કોઈ લેવાદેવા નથી.ગુજરાત મોડેલનો ચારેકોર જયજયકાર છે. રખડતા ઢોરોના મામલે અન્ય રાજ્યો કરતા બમણી સંખ્યા છે. હરખ હવે તું ગુજરાતી!!

રખડતા ઢોરોના મામલે અમદાવાદ શહેરે ૨૩૫ કરોડ રૂપિયાનો ધુમાડો કરેલ છે પણ લોકો ઠેરના ઠેર છે!! અમદાવાદમાં એક લાખ જેટલા પશુપાલકોને લગભગ દસ કરોડનો દંડ કરેલ છે છતાં પશુપાલકો-ઢોરોએ કસમ ખાધી છે કે હમ નહીં સુધરેંગે!!

ગાયો ઢીંક મારવાના બાબતે બહુ પછાત છે. ઢીંકની કક્ષા આઈએસઓ-૨૦૨૧ સર્ટિફાઈડ નથી. ચાઈનીઝ ચીજવસ્તુ જેવી તકલાદી, બિનગુણવતાયુકત, અણઘડ ઢીંક મારે છે. ઢીંકના ગુણવતા સુધારણાની દિશામાં સામુહિક,સર્વસમાવેશક સમયોચિત પગલા લેવાની બાબતે વિચારણા સુનિશ્ચિત કરવાની સામયિક આવશ્યકતા ઉપસ્થિત થયેલ છે. અંધૂરામાં પૂરું કામધેનુ જેવી યુનિવર્સિટીમાં ઢીંક મારવાના ડિપ્લોમા કે ડિગ્રી કોર્સ નથી. જેથી ગાયો બિચારી નેતા તરફ આશાની દ્રષ્ટિ માંડીને બેઠી છે!!!

શહેરના એક ખૂણામાં બધી ગાયો એક ગાય પર રીતસર તૂટી પડી.પેલી ગાય ગભરાઈ ગઈ.

“તને કંઈ ભાન પડે છે તે કોને શિંગડે ઉલાળ્યા છે તેનું ભાનબાન છે? બિચારા નીતિનકાકા એક વરસ પહેલાં ખુરશીભંગ થયા છે, પડયા પર પાટુ , સોરી શિંગડે ચડાવાય?” સિનિયર ગાયે પેલી ગાયને ખખડાવી .કહે છે કે આ ગાયે કોઈ રાજકીય પક્ષની કંઠી-ખેસ ધારણ કરેલ હતા!!!!

“ અમારે કોઈને શિંગડે ચડાવાની ઈચ્છા થાય તો આધારકાર્ડ કે મતદારયાદી લઈને ફરવાનું?

કોઈને શિંગડે ચડાવવા એ અમારો બંધારણીય હક્ક છે.અમે, રોડ પર પડેલા ભૂવા અને રસ્તા તળાવએ વલર્ડ હેરીટેજ છે. અમારા વિનાના રસ્તાની કલ્પના કરી જુવો. આભૂષણો વિનાની દીનહીન નારી જણાશે!!

વિદેશમાં પ્રગતિ છે, પણ ત્યાં રસ્તા પર ગૌમાતા કયાં છે? મેકસિકોના શહેરમાં ગાયોના રંગેલા શિલ્પોની સ્પર્ધા યોજાય છે!

આમ, અમે વિચારતા હતાને ગયા ભવની વેરી ગૌમાતાએ મને અને રાજુ રદીને શિંગડે ચડાવ્યા અને અમે કણસતા રહ્યા. ત્રણ દિવસે રીપેર થયા!!

ભરત વૈષ્ણવ
૧૪.૮.૨૦૨૨.ઈહાસ્યલેખ

---

## નડે છે

પંખીની પાંખના કરમ નડે છે,
અર્જુનની આંખની શરમ નડે છે.
વિતરાગના નામે વિલાસિતા કરી,
સ્મશાનની રાખની શરમ નડે છે
મુખમાં રામ બગલમાં છુરી રાખે,
અધ્યાત્મના નામે ધતિંગધર્મ નડે છે.
ગળે તલવાર ધરી એકરાર કરાવ્યો,
પ્રેમના નામે પોલંપોલ રહેમ નડે છે.
એના પર મારી ઈજારાશાહી ને માલિકી છે,
ઈશ્વર માટે આવો ભ્રામક ભરમ નડે છે.

ભરત વૈષ્ણવ
૧૬.૮.૨૦૨૧.

---

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG:SS:NO.: 0101
વિષય: કૃષ્ણ- રાધા
પ્રકાર: પદ્ય- ગીત.
શીર્ષક: શ્યામ રંગ
(રાધાષ્ટમીની વધાઈ)
રચના: ભરત સાંગાણી

શ્યામ રંગ બરસાનામાં પથરાયો,
નંદરાય વૃષભાન રંગે રંગાયો.
લાડી પ્યારી મહલ બિરાજે
છૂપ છૂપ નિહાળે બાંકેબિહારી
લાલ મુખ વૃષભાની લાજે
સુખની મૂરત છે રાધા પ્યારી
આનંદમંગલ વ્રજમાં લહેરાયો
નંદરાય વૃષભાન રંગે રંગાયો.
રાધા કોટી કંદર્પ લાવણ્ય રૂપ
રસરાસ બિહારીનાં ભાગ્ય ખૂલ્યાં
નંદકુંવરમાં લપટાયું રાધારૂપ
બરસાની સંગ ગોકુલજી ઝૂલ્યા
મિલન આ જોઈ ચૌદ ભુવન હરખાયો
શ્યામ રંગ બરસાનામાં પથરાયો.
( રચના: ભરત સાંગાણી)

---

NOG SS No : 113
વિષય : કૃષ્ણ રાધા
પ્રકાર: અછાંદસ
શીર્ષક: હરખ

હે
કૃષ્ણ
તારી મૂર્તિ
રાધાના કાળજામાં
કેવી કોતરાઈ ગઈ.
રાધા તો હૈયું
હાથ ન રહે
એવી રીતે
હરખાઈ
ગઈ.
કૃષ્ણના મુખારવિંદની
માયા એની કેવી લાગી.
એની નજરું સાથે
નજરું મેળવતાં
બે ઘડી કેવી
શરમાઈને
છોભીલી
પડી
ગઈ.
દિવસને રાત
મનોમન કૃષ્ણને
રાધા કરે
યાદ.
કૃષ્ણના બંધનમાં
જુઓને કેવી
બંધાઈ
ગઈ.
મુરલી તણા નાદમાં
ગોપીઓ સાથે તાનમાં
મૌનના આનંદમાં
ઘૂંઘરું પહેરીને
નર્તન કરતી
ગીત ગાતી
એ જાતી.
આગળ આગળ મહાલતી
પોતાની ભક્તિની કેડી
પર કૃષ્ણ સાથેની
સેવામાં કેવી
પરોવાઈ
ગઈ.
હવે તો ચિતડાના
ચોર સાથે પાકી
પ્રીત એની
બંધાઈ
ગઈ
રાધા કૃષ્ણમય
ને ઘનશ્યામ
શ્યામમય
થઈને જ
રહ્યા.

ઘનશ્યામ વ્યાસ.
‘શ્યામ‘

---

NOG. SS NO :- 0032
વિષય:-કૃષ્ણ -રાધા
શીર્ષક:-હિંડોળો

હિંડોળાની હળવી ઠેસે ઝૂલતાં બોલ્યા રાધાજી, પૂનમની અજવાળી રાતે રાસ રમશું કાનાજી.
યમુનાજીનાં કાંઠે વાંસળીનાં સૂરે બોલ્યા કાનાજી, ગોપ ગોપીઓ સાથે મળી રાસ રમશું રાધાજી.
મનનો મારો માણીગર છે તું બોલ્યા રાધાજી, હું અબોલડે બંધાવું,જો રમશો ગોપીઓ સાથે કાનાજી.
તું મારી રાધારાની,શામાટે રિસાવું બોલ્યા કાનાજી,ના રમું ગોપીઓ સંગ,હવે બોલો મારા રાધાજી.
મારું મન મોહ્યું છે મોરપીંછમાં બોલ્યા રાધાજી, હવે વૃંદાવનમાં આવો હળવે હળવે તમે કાનાજી.
પીળું પીતાંબર સોહે,હોંઠે મુરલી બોલ્યા રાધાજી, મારું મનડું મૂંઝાય અને હૈયું હિઝરાય કાનાજી.
હવે,રીસામણાં છોડીદો રાધારાની બોલ્યા, કાનાજી તમારાં બોલે બંધાવું, મારા મનથી ગૂંથાવું રાધાજી.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ ..૧૬/૮/૨૦૨૨

---

NOG SS No : 0112
પ્રકાર : પદ્ય
વિષય : જન્માષ્ટમી
શીર્ષક : લે શ્યામ તારી બંસરી

વગડામાં વરસાવે વ્હાલ,
શ્યામ તારી બંસરી,
તને ઘેલો કર્યો છે ઘનશ્યામ,
લે શ્યામ તારી બંસરી
જશોદાનો લાલ તુ ગિરીધર ગોપાલ છે,
નંદબાબાનો તુ લાડીલો લાલ છે,
ભોળા ભક્તોનો તુ ભગવાન,
લે શ્યામ તારી બંસરી
વૃંદાવન વનમાં વ્હાલો રાસ રચાવે,
માખણ ચોર ત્યાં શોર મચાવે,
તુ તો મટકીનો ફોડનાર,
લે શ્યામ તારી બંસરી
દ્વારીકા નગરીનો રાજા રણછોડ,
છતા કહેવાતો એ માખણ ચોર છે,
સારી શ્રુષ્ટિના પાલનહાર
લે શ્યામ તારી બંસરી

રચના,,,,,
રાજેશભાઈ એસ વ્યાસ ‘ રાજ ‘
ધ્રુવનગર,,,,, મોરબી

---

સાહિત્ય સરિતા
નંબર - ૦૧૨૦
શબ્દ : જન્માષ્ટમી
શિર્ષક : જન્માષ્ટમી
પ્રકાર : પદ્ય (અછાંદસ)
જન્માષ્ટમી

મારા વ્હાલા કાન તારી ઉજવાય જન્માષ્ટમી,
ભક્તિનો રંગ લાગી જાય ઉજવાય જન્માષ્ટમી.
ગુણલા ગાઉ દિન-રાત ઉજવાય જન્માષ્ટમી,
મોરલીનો નાદ સંભળાતા ઉજવાય જન્માષ્ટમી.
દ્વારીકાના ધણી તમારી ઉજવાય જન્માષ્ટમી,
કાળીનાગને નાથનારાની ઉજવાય જન્માષ્ટમી.
સાંદિપની ઋષિના શિષ્યની ઉજવાય જન્માષ્ટમી,
સુદામાના પરમ સખા ની ઉજવાય જન્માષ્ટમી.
કુંવરબાઈનું મામેરું પુરનારા ઉજવાય જન્માષ્ટમી,
મીરાંના ગિરધર ગોપાલની ઉજવાય જન્માષ્ટમી.
‘રમા’ રાધાજીના શ્યામની ઉજવાય જન્માષ્ટમી,
રુકમણીના સ્વામીની ઉજવાય જન્માષ્ટમી.
(જય શ્રી કૃષ્ણ)

રમીલા ડી મકવાણા ‘રમા’
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

---

# ગાંધીનગર જિલ્લાના કર્મનિષ્ઠ કર્મયોગીઓ, ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર નાગરિકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું મંત્રીશ્રીના હસ્તે સન્માનપત્ર આપી બહુમાન કરાયું

ગાંધીનગર: સોમવાર:

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મનિષ્ઠ કર્મયોગીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મળી કુલ- ૩૯ વ્યક્તિઓનું ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરતા અને સરકારની વિવિઘ ફલેગશીપ યોજનાઓ તથા કાર્યક્રમોના જિલ્લામાં પ્રચાર પ્રસારની ઉમદા કામગીરી કરનાર જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સીનીયર સબ એડીટર શ્રી પરિમલ પટેલનું પણ ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

સમગ્ર રાજયમાં કૃત્રિમ બીજદાન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર મદદનીશ પશુપાલન નિયામક શ્રી ડૉ. એસ.આઈ. પટેલ, ૭ વર્ષથી જીવનઆસ્થામાં કામ કરતા તથા ૮૦ હજારથી વઘુ કોલ ટ્રેસીંગ કરીને કાઉન્સિલીંગ કરનાર તથા ૫૦૦ જેટલી વ્યક્તિઓને આપઘાત કરતાં રોકીને પુનઃ જીવન આપનાર શ્રી સંજય ગામીતઅને કુ. કાજોલ પરમાર, કોરોના કાળમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર તબીબી અધિકારી શ્રી ડૉ. જાહીદ સેરસિયા, ડૉ. બીનાબેન પટેલ, ડૉ. રીષી કડીકરતથા ડૉ. તેજસ મિસ્ત્રી, સી.એસ.આર ફંડમાં ત્રણ વર્ષ શાળાને ફંડ ફાળવવા બદલ એસ્ટલ ફાઉન્ડેશન એસ્ટલ હાઉસ, અમદાવાદના શ્રી કૃણાલભાઈ પટેલનું સન્માનપત્ર આપીને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના સરકારી કાર્યક્રમોમાં પોતાના અવાજ થકી અમૂલ્ય સેવાઓ આપનાર ઉદ્દઘોષક અને મુખ્ય શિક્ષક શ્રી પૂર્વેશ જશુભાઈ વ્યાસ, યોગદિનની ઉજવણીમાં વિશિષ્ટ કામગીરી કરનાર યોગ ઈન્સ્ટ્રકટર શ્રી હેમલત્તાબેન અને તેમની ટીમ, ૨૦ આયુષ ગામ, ૧૩ આયુષ હેલ્થ અને વેલનેસ દવાખાના અપગ્રેડ કરવાની કામગીરી કરનાર જિલ્લા આયુર્વેદ અધિકારી અને તેમની ટીમનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. ચૂંટણીમાં વિશિષ્ટ કામગીરી કરનાર સ્ટેમ્પ ડયુટીના નાયબ કલેકટર શ્રી મિશણ ચેતન કિર્તીકુમાર, ઓફિસીયલ વર્કમાં વિશિષ્ટ કામગીરી કરનાર કલાર્ક શ્રી શીતલબેન મુળચંદભાઈ પરમાર, આર.ટી.એસ. બ્રાન્ચમાં વિશિષ્ટ કામગીરી કરવા બદલ નાયબ મામલતદાર શ્રી કમલેશ રામશંકર રાવલ તથા હિતેષકુમાર જીવણલાલ ચૌહાણ, રેવન્યુ ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર સર્કલ ઓફિસર શ્રી જે.ઓ.દેસાઈતથા નાયબ મામલતદાર શ્રી બી.ડી.ચાવડા, મતદાર યાદી સુઘારણા અને તૈયારી કરવામાં વિશિષ્ટ કામગીરી કરનાર નાયબ મામલતદાર શ્રી વિષ્ણુભાઈ રથવી, બી.એલ.ઓ તરીકે ઉમદા કામગીરી કરનાર વરદાયિની હાઈસ્કુલ, રૂપાલના પ્રજ્ઞેશકુમાર ભરતભાઈ પારેખ, મદદનીશ શિક્ષક સર્વે શ્રી મુકેશકુમાર ભગવાનદાસ પ્રજાપતિ, ઘર્મેશભાઈ ડાહ્યાભાઈ ગજ્જર, હેતલ ચંદુલાલ પટેલ, યોગેશભાઈ દશરથભાઈ પ્રજાપતિ, ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ શ્રી એ.એ.વછેટા, પેથાપુર પોલીસ સ્ટેશનમાં ઈન્વેસ્ટીગેશનની ઉમદા કામગીરી કરનાર પી.એસ.આઈ. શ્રી એમ.એસ.રાણા, કોન્સ્ટેબલ શ્રી ભદ્રેશસિંહ ઘનશ્યામસિંહ, સુરક્ષા ક્ષેત્રે બચાવ કામગીરી કરનાર આ.પો.કો. શ્રી તડવી ઘનશ્યામભાઈ પ્રભાતભાઈ, પી.એમ.જે.એ.વાય. અંતર્ગત વિશિષ્ટ કામગીરી કરનાર શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુલ, કલોલની પ્રેમસ્વરૂપ સ્વામી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સ્વામીશ્રી પૂજય ભકતવત્સલ સ્વામીઅને માણસાના પુંઘરા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ, ૧૦૮ સેવા અંતર્ગત પાઈલોટની વિશિષ્ટ કામગીરી કરનાર ગાંધીનગરના શ્રી મુકેશ ચૌઘરી, રાકેશકુમાર ઠાકોર, અશેષકુમાર પટેલનું પણ સન્માનપત્ર આપી મંત્રીશ્રીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

હર ઘર તિરંગા અંતર્ગત માઘ્યમિક અને ઉચ્ચત્તર માઘ્યમિક શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ મીટરની દોડની સ્પર્ઘામાં વિજેતા બનેલા સોજાની શેઠ.એસ.એમ.સાર્વજનિક હાઈસ્કુલના વિઘાર્થી અંકિત ચુંથાજી ઠાકોર, ડભોડાની એમ.એસ.વિઘામંદિરની વિઘાર્થીની અનિતા.એસ. ખત્રી, યામીની એસ. ઠાકોરઅને દેવાંગ.પી. યાદવ, ઓપન ઓલ ઈન્ડિયા ફેડરેશન સ્પર્ઘામાં વિજેતા બનેલા જયાબેન વી. ખાંટ, રમતગમત ક્ષેત્રે સિલ્વર મેડલ મેળવનાર યુ.એ.એસ.આઈ.ના જીગ્નેશકુમાર કિરીટભાઈનું પણ મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

---

# અંખડ ભારત ના સંકલ્પ અંતર્ગત જમાલપુર ખાતે મસાલયાત્રા અંખડ ભારત ના સંકલ્પ અંતર્ગત જમાલપુર ખાતે મસાલયાત્રા યોજાય



રવિવાર ના રોજ જમાલપુર જગદીશ મંદિર થી અંખડ ભારત ના સંકલ્પ સાથે સમાજ વિવિધ લોકો દવારા મસાલ યાત્રા યોજય હતી જે જમાલપુર ના વિવિધ વિસ્તાર મા પ્રસાર થય હતી રાયખડ મા મસાલ યાત્રા નુ સ્વાગત કરવામા આવ્યુ હતુ યાત્રા નુ ભદ્ર વંસતચોક ખાતે પુરી થય હતી જે વિવિધ સમાજ ના લોકો મોટી સંખ્યા હાજર રહયા હતા

---

# એમસીએફ બેડ્મિન્ટન પ્રીમિયર લીગ પેરેડાઈસ વોરિયર્સ જીતી



બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ)ની બેડ્મિન્ટન પ્રીમિયર લીગ પેરેડાઈસ વોરિયર્સની ટીમે જીતી હતી. એમબીએલ શટલર્સ બીજા અને સાઈ શટલર્સ ટીમ ત્રીજા ક્રમે આવી હતી. સાત ટીમના ૯૫થી વધુ ખેલાડીએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ એમસીએફ બેડ્મિન્ટન પ્રીમિયર લીગની આઠમી સીઝન હતી. ફાઈનલ્સમાં નગરસેવક હરીશભાઈ છેડા અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

# ૭૬ મા સ્વાતંત્ર્ય પર્વે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલમાં ધ્વજવંદન



ભારત દેશ આઝાદીના અમૃત મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરી રહ્યો છે ત્યારે ૭૬ મા સ્વાતંત્ર પર્વે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે કે. આઈ. આર. સી. કેમ્પસના વિશાળ મેદાનમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ધ્વજવંદન કરાવ્યું હતું. ભારતમાતાના જયઘોષ અને વંદે માતરમના નારા વચ્ચે રાષ્ટ્રગીતની સુરાવલી સાથે શ્રી હર્ષભાઈ સંઘવીએ આન, બાન અને શાનથી રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપી હતી.

ગાંધીનગરના જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહમાં શ્રી હર્ષભાઈ સંઘવીએ આઝાદીના અમૃત મહોત્સવની શુભકામનાઓ પાઠવતાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ‘નવભારત‘નું સપનું સાકાર કરવા સમગ્ર દેશ એક થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે પણ એકતાની ભાવનાથી વિકાસની ગતિ વધુ વેગવાન બનાવી છે. આઝાદીના અમૃત મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણીથી આઝાદીના સંગ્રામ માટે લડેલા સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થશે.

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતમાં આગામી મહિનાઓમાં રાષ્ટ્રીય રમતોત્સવ-૨૦૨૨ નું આયોજન થવા જઈ રહ્યું છે ત્યારે દેશભરના શ્રેષ્ઠ ખેલાડીઓને આવકારવા ગુજરાત આતુર છે. રાજ્યના વિવિધ શહેરોમાં વિધવિધ રમતો યોજાશે ત્યારે ગુજરાતમાં નવરાત્રી મહોત્સવ ચાલતો હશે. દિવસે રમતોત્સવ યોજાય અને રાત્રે સમગ્ર દેશના ખેલાડીઓ ગુજરાતનો નવરાત્રી મહોત્સવ અને ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમા ગરબા માણી શકે એવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ‘ન્યુ એજ પોલિસીંગ‘ અમલી કરવામાં આવી રહ્યું છે, એમ કહીને ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતમાં હવે ક્યાંય લાઈન નથી બધું ‘ઑનલાઈન‘ છે. હવે એફ. આઈ. આર. માટે પોલીસ સ્ટેશન સુધી નહીં જવું પડે. ઑનલાઈન એફ.આઈ.આર. થી લોકોની સુગમતા વધી છે. તાજેતરમાં ડાંગ જેવા અંતરિયાળ જિલ્લાના છેવાડાના એક નાનકડા ગામમાં એક વડીલનું સ્કૂટર ચોરાઈ ગયું હતું. ગામના યુવાનની મદદથી તેમણે ઑનલાઈન એફ.આઈ.આર. નોંધાવી અને ગણતરીના દિવસોમાં જ પોલીસે એ વડીલનું ચોરાયેલું સ્કૂટર શોધી પણ આપ્યું. ગુજરાત પોલીસની આ સફળતા અને પહેલ બદલ તેમણે અભિનંદન આપ્યા હતા.

બાળકીઓ પ્રત્યેના અત્યાચારોની ફરિયાદોમાં ગુજરાત પોલીસે ‘હલ્લાબોલ‘ અભિગમ અપનાવ્યો છે. એમ કહીને મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, દેશના અન્ય રાજ્યો પણ આવા કેસોમાં ગુજરાત પોલીસની કામગીરીને ‘કેસ સ્ટડી‘ તરીકે લઈ રહ્યા છે. ગુજરાતે બાળકીઓ પરના અત્યાચારોના કિસ્સામાં ૨૨ દિવસ કે ૭૦ દિવસના ટૂંકા ગાળામાં આરોપીઓને ફાંસીની સજા સુધી પહોંચાડીને પ્રજાને ન્યાય અપાવ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાત પોલીસે નશીલા પદાર્થોની હેરાફેરીમાં પણ ‘હલ્લાબોલ‘ કર્યું છે. ગુજરાત પોલીસની નોંધપાત્ર કામગીરીથી હજારો-કરોડોનું ડ્રગ્સ ભારતમાં આવતું અટક્યું છે. આ માટે ગુજરાતના નાગરિકો ગર્વ અનુભવી રહ્યા છે. ગુજરાત આજે શાંતિ, સલામતી અને સુરક્ષામાં સમગ્ર ભારતમાં નંબર વન છે. આ માટે તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર માન્યો હતો.

મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આન, બાન અને શાંનથી ભારતની વિશેષ ઓળખ ઊભી કરી છે. પરિણામે સમગ્ર વિશ્વ આજે ભારતને સન્માનભરી નજરે જોઈ રહ્યું છે. ‘હર ઘર તિરંગા અભિયાન‘ના તેમણે આપેલા આહવાનથી આજે કાશ્મીરના લાલ ચોકથી લઈને કન્યાકુમારી સુધી દેશભક્તિનો માહોલ નજરે ચડી રહ્યો છે. કલોલમાં એક પણ ઘર કે સ્થાન એવું નથી જ્યાં તિરંગો ન લહેરાતો હોય. આ માટે તેમણે નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતના મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસની ગતિ વધુ તેજ થઈ છે. આયુષ્યમાન ભારત અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ગુજરાતમાં ૧૨ લાખથી વધુ જરૂરીયાતમંદ નાગરિકોને રાજ્યની ૨૫૦૦ જેટલી સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોંઘી સારવાર નિશુલ્ક મળી રહી છે. ગુજરાતના ૫૭ લાખથી વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત દસમા હપ્તાની ? ૨,૧૪૯ કરોડ જેટલી રકમની સહાય સીધી તેમના બેંક ખાતામાં મળી ગઈ છે. ઔદ્યોગિક વિકાસથી યુવાનોને રોજગારી મળી રહી છે. ગરીબો, મધ્યમ વર્ગીય નાગરિકો, મહિલાઓ અને યુવાનોની આ સરકારે અનેક ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોનું ‘ઘરના ઘર‘નું સપનું સાકાર કર્યું છે. ગુજરાતના ૫૯ લાખ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પોતાનું ઘર મળ્યું છે. તેમણે દેશના સર્વાંગી વિકાસ માટે ગુજરાતના વિકાસની ગતિ વધુ વેગમાન બનાવાશે એમ કહ્યું હતું.

મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સ્વાતંત્ર પર્વ નિમિત્તે ખાસ ગાંધીનગર જિલ્લાના વિકાસ કામો માટે રાજ્ય સરકાર દ્વારા ? ૪૫ લાખની વિશેષ ગ્રાન્ટનો ચેક જિલ્લા વહીવટી તંત્રને અર્પણ કર્યો હતો. આ રકમમાંથી કલોલ તાલુકાના વિકાસ કામો માટે રૂપિયા ૨૫ લાખ તથા માણસા, દહેગામ અને ગાંધીનગર તાલુકાઓના વિકાસ કામો માટે રૂપિયા પાંચ-પાંચ લાખ વપરાશેકલોલ ખાતે યોજાયેલા સ્વાતંત્ર્ય દિવસની પરેડનું નેતૃત્વ કલોલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ઉન્નતિ પટેલે કર્યું હતું. ધ્વજવંદન પછી ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા પોલીસવાળા શ્રી તરુણકુમાર દુગ્ગલ સાથે ખુલ્લી જીપમાં નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું અને પરેડનું નિરીક્ષણ કર્યું હતું. ૧૬૦ જેટલા જવાનોએ પરેડમાં ભાગ લીધો હતો. ગાંધીનગર પોલીસની પ્લાટૂનનું નેતૃત્વ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી આર.બી. મોરીએ કર્યું હતું. મહિલા પોલીસ પ્લાટૂનનું નેતૃત્વ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ. એ. સોલંકીએ કર્યું હતું. બિન હથિયારધારી હોમગાર્ડસનું નેતૃત્વ કંપની કમાન્ડર પી.એસ.યાદવએ કર્યું હતું. પરેડમાં એન.સી.સી. ના યુવાનો ડોગ સ્કૉડ અને માઉન્ટેડ પોલીસે પણ ભાગ લીધો હતો.

પરેડ બાદ વિશેષ રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. શરૂઆતમાં આર્યન પબ્લિક સ્કૂલના બાળકોએ દેશભક્તિ ગીતો પર સમુહ નૃત્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ નવરાત્રી રાસ ગરબામાં રાજ્ય કક્ષાએ વિજેતા થયેલા ગાંધીનગરના પ્રારંભ કલાવૃંદના કલાકારોએ મિશ્ર રાસ રજૂ કર્યો હતો અને છેલ્લે નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેનાર ગાંધીનગરની સંસ્થા સુન્દરમ ગ્રુપ ઓફ પરફોર્મિંગ આર્ટ્સના યુવાનોએ ‘મણીયારો રાસ‘ રજૂ કર્યો હતો. ગાંધીનગર જિલ્લામાં શ્રેષ્ઠ અને પ્રજા ઉપયોગી કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓનું તેમની વિશિષ્ટ સેવાઓ બદલ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સન્માનપત્ર અર્પણ કરીને બહુમાન કર્યું હતું.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર અને મહાનુભાવોના વરદ હસ્તે કેમ્પસમાં વૃક્ષારોપણ પણ યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભી ગૌતમ, નિવાસી નાયબ કલેક્ટર શ્રી રીતુ સિંઘ, કલોલના પ્રાંત અધિકારી શ્રી ક્રિષ્નાબા વાઘેલા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ અને મહાનુભાવો તથા વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા તાલુકાના ખારીધારીયાલ ગામે તાલુકા કક્ષાનો ૭૬ મા સ્વાતંત્ર દિન ધામધૂમપૂર્વક ઉજવાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકાના ખારીધારિયાલ ગામે પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનો ધ્વજ વંદન પવ ધામપૂર્વક ઉજવાયો હતો. ચાણસ્મા તાલુકા મામલતદાર શ્રી જોગસિંહ એન. દરબારએ ધ્વજ ફરકાવ્યો હતો તેઓએ ૭૬ માં સ્વાતંત્ર દિનની ઉજવણીની તમામ દેશવાસીઓ તથા ખારીઘારીયાલ ગામે ઉપસ્થિત અસંખ્ય લોકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી દરબાર મામલતદાર શ્રીએ તેઓના વક્તવ્યમાં આજે આપણે ૭૬ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણી સ્વતંત્રતા પ્રાપ્તિની મહાન લડતને યાદ કરી હતી.૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામ થી શરૂ કરીને ૧૯૪૭ સુધીની ૯૦ વર્ષ જેટલા સમયગાળામાં આ દેશની ત્રણથી ચાર પેઢીઓએ ઈતિહાસની અનોખી એવી સ્વાતંત્રની લડત ચલાવી આપણા દેશને અંગ્રેજોની ચુગાલમાંથી આઝાદ કરાવ્યો તેના ઈતિહાસને યાદ કરાવ્યો હતો.ગુલામીની જંજીરોને તોડનાર મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક વીરોની સહાદતને યાદ કરી હતી. ડોક્ટર બાબા સાહેબ આંબેડકરને યાદ કરી સ્વતંત્રતાના રક્ષણ માટે રક્ષા કવચ સમાન બંધારણની ભેટને પણ યાદ કરવામાં આવ્યું હતું. વધુમાં શ્રી દરબારે જણાવ્યું હતું કે આપણો દેશ આજે અનાજથી માંડીને અવકાશ સુધી સ્વનિર્ભર બન્યો છે , શિક્ષણ, વિજ્ઞાન ટેકનોલોજી, આરોગ્ય જેવા પાયાના ક્ષેત્રોમાં આપણે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. તેવી વાતો ખૂબ જ વિસ્તૃત રીતે યાદ કરી હતી. અંતમાં શ્રી દરબાર મામલતદાર શ્રીએ સ્વચ્છતા જાળવવા, પાણીનો બગાડ ન કરવા, વીજળીની બચત કરવા,વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા તેમજ આપણા બાળકો જે ભારતની ભાવિ પેઢી છે તેઓને સારા સંસ્કારો, સારૂં શિક્ષણ, આધ્યાત્મિક જ્ઞાન, અને વ્યસનમુક્ત બનાવી કુટુંબ,સમાજ, ગામ, તાલુકો, જીલ્લો અને દેશની સેવા માટે ઉત્કૃષ્ટ અને પ્રામાણિક બાળકો તૈયાર કરવા ઉપર ભાર મૂક્યો હતો, અને ત્યારે જ ખરા અર્થમાં ઉત્સવ ઊજવાયો કહેવાશે તેમ જણાવી આજના આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર માની શ્રી દરબારે તેઓને ખુબજ સુંદર વક્તવ્ય પૂર્ણ કરેલ હતું.આ કાર્યક્રમની અંદર ખારીઘારીયાલ તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તાલુકા પંચાયતના સદસ્ય જિલ્લા પંચાયતના સદસ્યશ્રી આશાબેન વિક્રમસિંહ ઠાકોર ,તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર , નાયબ મામલતદાર પ્રકાશભાઈ પરમાર, પી. આઈ. આર.એમ.વસાવા, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી નિકુલભાઈ સી. નાયક, સી.ડી.પીઓ. વિશાખાબેન મકવાણા, સામાજીક ન્યાય સમિતિના રાકેશભાઈ,કંબોઈ સીટના સદસ્ય જગતસિંહ સોંલકી વિસ્તરણ અધિકારી ભરતભાઈ પ્રજાપતિ ,ગ્રામ સેવક,ખારીઘારીયાલ ગામના સરપંચ ભરતભાઈ જી.પરમાર, ઉપસરપંચ,ગ્રામ પંચાયત ના સભ્યો,શાળા ના શિક્ષકો, તલાટી દ્વિમાક્ષીબેન, ફોરેસ્ટ ઓફિસરશ્રી, તેમજ તાલુકા ની અન્ય કચેરીમાંથી મોટી સંખ્યામાં કર્મચારીઓ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તેમજ ગામની સેવામાં સદાય તત્પર રહેનાર એવા દાતાશ્રીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.ભોગરા બાબુભાઈ એ.દેસાઈ કે જેઓએ આજના ભોજનદાતા હતા.તથા મહેશભાઈ કાનજીભાઈ દેસાઈએ તિથી ભોજન આપ્યું હતું.બાબુભાઈ જોઈતારામ પટેલ ઉર્ફે (જય માડી)તરફથી શાળા ના તમામ બાળકોને ચાલુ સાલે સ્કુલબેગ ગણવેશ ,ચોપડા આપ્યા હતા.તેમજ આવતી સાલે પણ બાળકોને ગણવેશ , ચોપડા,સ્કુલબેગતેમજ તમામ બાળકોને જમણવાર આપવાની જાહેરાત કરેલ છે. એકંદરે આ કાર્યક્રમ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયો હતો

# ચાણસ્મા પંથકમાં ગોગા મહારાજના નાગ પંચમીના લોકમેળા ભરાયા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર હિન્દુ ધર્મમાં દેવી દેવતાઓનું વિવિધ મહત્વ રહેલું છે ત્યારે શ્રાવણ માસની અંદર આવતા તહેવારોનું પણ હિન્દુ ધર્મના લોકો ધામધૂમ પૂર્વક ઉજવી રહ્યા હોય છે ત્યારે આજરોજ નાગ પાંચમના દિવસે સમગ્ર ચાણસ્મા પંથકમાં વિવિધ જગ્યાએ આવેલા ગોગા મહારાજના મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી તેમજ દર્શનનો અનેરો લાવો લઈ રહ્યા હતાહવામાન વિભાગની આગાહીને પગલે સવારથી જ પાટણ જિલ્લા સહિત ચાણસ્મા પંથકમાં પણ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે તેમ છતાં જાણે નાગદેવતાઓના શ્રદ્ધાળુમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલ ચાણસ્મા શહેરની અંદર રબારીવાસમાં આવેલ૧૨૦૦ વર્ષ પ્રાચીન શેષ નારાયણ ગોગા મહારાજના મંદિરે ભવ્ય લોકમેળો ભરાયો હતો આ પ્રસંગે પાટણ પંથકમાંથી શ્રદ્ધાળુ ઉપસ્થિત રહી દાદાના દર્શનનો લ્હાવો લીધો હતો તદ ઉપરાંતચાણસ્માના શેઢાલ, ધરમોડા, ખારીઘારીયાલ સહિત વિવિધ જગ્યાએ પણ નાગપાંચમીના દિવસે નાગદેવતાના મંદિરે શ્રદ્ધાળુઓની ભાળી ભીડ ઉમટી હતી તેમજ લોકમેળા પણ ભરાયા હતા જેમાં ખાણીપીણી ની લારીઓ તેમજ ચકરડિયો સહીત મનોરંજન ની પૂરી પાડતી તમામ સુવિધાઓ મેળાની અંદર મળી રહેતા બાળકોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો ઉલ્લેખનીય છેકેનાગ પાચમ ના દિવસે તમામ શ્રદ્ધાળુઓ દ્વારા નાગદેવતાને શ્રીફળ તેમજ કુલેર નો પ્રસાદ પણ ધરાવવામાં આવતો હોય છે



ભારતને મહાશક્તિ બનાવવામાં આપણે સૌ યોગદાન આપવા સંકલ્પબદ્ધ થઈએ: અંજુ શર્મા, અગ્ર સચિવ, શ્રમ,

# સાણંદ ના પુરાણ પ્રસિધ્ધ જાનીવાસ ના સોમનાથ મહાદેવે પંડિત પરિવાર દ્વારા રુદ્રાભિષેક કરાયો



સાણંદ શહેર ના જાનીવાસ માં આવેલ પુરાણ પ્રસિદ્ધ એવા સોમનાથ મહાદેવ માં પવિત્ર શ્રાવણ માસ ના ત્રીજા સોમવારે સોમનાથ મહાદેવ માં પંડિત પરિવાર દ્વારા દર વર્ષે કરવામાં આવે છે તેવી જ રીતે દેવાધિદેવ મહાદેવ ની આરાધના કરવામાં આવી હતી.મહાદેવ ઉપર વિવિધ દ્રવ્યો થી અભિષેક..બિલ્વવા અર્પણ તથા ફૂલ હાર તથા ફૂલોની જટા મહાદેવ ને ચઢાવવા આવી હતી..વિવિધ દ્રવ્યો થી દેવાધિદેવ મહાદેવ નો અભિષેક કરવામાં આવ્યો હતો

....પુરણોક્ત રુદ્રાભિષેક નો પ્રયોગ મહાભારત ના દ્રોણ પર્વમાં માં આપેલ છે ભગવાન કૃષ્ણ ના કહેવાથી અર્જુને આ મંત્રો થી મહાદેવજી ઉપર જલાભિષેક કરેલ તે મંત્રો થી....નમો ભવાય સર્વાય.. થી અભિષેક કરવામાં આવેલ..ગાયત્રી..મૃત્યુંજય ના સંજીવની મહામંત્ર થી બિલ્લીપત્રો ચઢાવી ને મહાદેવજી ની આરાધના કરવામાં આવી હતી પંડિત પરિવાર ના વિજય પંડિત..જીતેન્દ્ર પંડિત..મનોજ પંડિત..ધ્રુવ પંડિત..હિરેન પંડિત.. મિત પંડિત...આકાશ દવે...રુદ્ર પંડિત...દ્વારા વિવિધ દ્રવ્યો દ્વારા અભિષેક..બિલ્લીપત્રો ..ફૂલ હાર અર્પણ કરી ને મહાદેવ ની આરતી ઉતારી ને સૌ નું કલ્યાણ કરે તેવી મહાદેવ ને પ્રાર્થના કરવામાં આવી હતી.અને ૐ નમઃ શિવાય મંત્ર ની ધૂન થી દેવાધિદેવ મહાદેવ ની ભાવ પૂર્વક આરાધના કરવા મા આવી હતી



જોરાવરનગર ના સુવિધા ફ્લેટ પરિવાર દ્વારા સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી સામુહિક ઉજવણી કરવામાં આવી :- જોરાવરનગર ના સુવિધા ફ્લેટ દ્વારા દરેક રહીશોએ સ્વતંત્ર દિવસ નિમિત્તે સામુહિક ધ્વજવંદન તથા વકૃતત્વ સ્પર્ધા ,ચિત્રકામ સ્પર્ધા જેવા વિવિધ આયોજન કરીને ૭૫ માં સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમ ને સફળ બનાવવા દરેક ફ્લેટધારકોએ જહેમત ઉઠાવી હતી

# ભારતને મહાશક્તિ બનાવવામાં આપણે સૌ યોગદાન આપવા સંકલ્પબદ્ધ થઈએ: અંજુ શર્મા, અગ્ર સચિવ, શ્રમ,



મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ ખાતે ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનનાં મહાનિયામક અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.આ પ્રસંગે ઉદબોધન કરતાં શ્રી અંજુ શર્માએ જણાવ્યું હતું કે અનેક નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના પ્રયાસો અનેબલિદાનને કારણે આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ. આજે તેમના બલિદાનને ખાસ યાદ કરવું જોઈએ.વધુમાં તેમણે જણાવ્યું હતું કે દેશ વિકાસના માર્ગે ઝડપભેર આગળ વધી રહ્યો છે, આ વિકાસને આપણે આઝાદીના ૧૦૦વર્ષ પૂરાં થાય બાદ પણ અવિરત આગળ વધારવાનો છે. દેશના વિકાસમાં આપણું યોગદાન આપીએ તો જ સ્વતંત્રતા ટકીશકે. ભારતને મહાશક્તિ બનાવવામાં આપણે સૌ યોગદાન આપવા સંકલ્પબદ્ધ થઈએ, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી અંજુ શર્માએ વધુમાં જણાવ્યું હતું કે હવે ફ્રીડમ ઑફ નહિ, ફ્રીડમ ફ્રોમ અંગે વિચાર કરવાનો છે. હવે આપણે ગરીબી ભ્રષ્ટાચાર અને ભયમાંથી સ્વાતંત્રતા મેળવવાની છે. દેશનો દરેક નાગરિક સુખી, સમ્પન્ન અને શિક્ષિત હોય, એ માટે પ્રયાસો કરવાના છે.

# ૭૬માં સ્વાતંત્ર્ય પર્વનિમિત્તે ગુજરાત હાઈકોર્ટ ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો

## મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અરવિંદ કુમારે ધ્વજ વંદન કરી સલામી આપી

ભારતની આઝાદીનું પર્વ એટલે સ્વાતંત્ર્ય પર્વ. ૭૬માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રાંગણમાં નામદાર મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અરવિંદ કુમારે આજે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટ ના નામદાર ન્યાયમૂર્તિશ્રીઓ, નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓ, એડવોકેટ જનરલ, એડિશનલ એડવોકેટ જનરલ, સરકારી વકીલ, ન્યાયિક અધિકારીઓ, વકીલગણ તેમજ અન્ય કર્મચારીગણ સર્વે ઉપસ્થિત રહી ધ્વજને સલામી આપી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.